*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com


**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




સંપાદક: રામજી માણેકચંદ દોશી

ઉમરાળાનગરીમાં પૂ. ગુરુદેવના જન્મધામમાં બિરાજમાન પરમઉપકારી

શ્રી સીમંધર ભગવાન



વૈશાખ: ૨૪૮૬

સગંળ અંક

૧૯૯

વર્ષ: ૧૭

અંક: ૭

લવાજમ

ચાર રૂપિયા

રૂડા ભક્તિવત્સલ્ય ભગવંત નાથ પધારો રે......

## * આ અંકના આભૂષણો *

- ગુરુદેવના આંગણે સીમંધર ભગવાન...
- જન્મધામનો મંગલ સ્વસ્તિક......
- ધર્માત્માનો યોગ......
- ‘સ્વયંભૂ’ આત્માની મંગલમાળા: ૭૧ પુષ્પની.....
- ફત્તેપુરમાં આત્માની ફત્તેહ થાય તેવી વાત.....
- અનુભવદશાનું વર્ણન અને તેનો ઉપાય.......
- * સાધક જીવ પોતાના આંગણે સિધ્ધભગવાનને પધરાવે છે....
- * પાંચ ભાષામાં અભિનંદન પત્રો....
- ( સંસ્કૃત, તામિલ, ઇંગ્લીશ, હિંદી, ગુજરાતી )

હે સીમંધર ભગવાન ! હે ગણધરો ! હે સંતો !
હે કુંદકુંદપ્રભુ ! હે વિશ્વના સર્વે ધર્માત્માઓ !
મારા આંગણે પધારો....પધારો.... !
હે કુંદકુંદાદિ વીતરાગી સંતો ! અતીન્દ્રિય આનંદમય
તમારા નિર્વિકલ્પ આત્મધ્યાનને
નમસ્કાર હો...નમસ્કાર હો.
( ઉમરાળાના ‘ઉજમબા જૈન સ્વાધ્યાયગૃહ’ માંથી )

## ‘આત્મધર્મ’ અંક ૧૯૮ માં સુધારો

પાનું ૪ કોલમ ૧ લાઈન ૧ માં “પરિભ્રમણ કરવા આત્માને”-એમ છપાયું છે તેને બદલે “પરિભ્રમણ કરતા આત્માને” એમ સુધારવું.

પાનું ૧૨ કોલમ ૨ છેલ્લી લાઈનમાં મોહ લક્ષ્મી ને બદલે મોક્ષ બદલી વાંચવું.

પાનું ૧૨ કોલમ ૨ લાઈન ૩૦ માં દીક્ષારૂપી સખીને પામીને એમ વાંચવું.


---

# જૈન દર્શન શિક્ષણ વર્ગ

ઉનાળાની રજાઓ દરમિયાન વિદ્યાર્થીઓ માટે સોનગઢમાં જૈન દર્શન શિક્ષણ વર્ગ વૈશાખ સુદ ૧૪ ને મંગળવાર તા. ૧૦–૫–૬૦ થી શરૂ થશે અને જેઠ સુદ ૬ ને મંગળવાર તા. ૩૧–૫–૬૦ સુધી ચાલશે. આ શિક્ષણવર્ગ ચાર વર્ષ બાદ ખુલ્લી રહ્યો છે. જિજ્ઞાસુ વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણનો લાભ લઈને રજાઓનો સદુપયોગ કરે–એવી ખાસ ભલામણ છે. વિદ્યાર્થીઓ માટે રહેવા–જમવાની વ્યવસ્થા સંસ્થા તરફથી થશે. વર્ગમાં આવનાર વિદ્યાર્થીઓએ નીચેના સરનામે ખબર આપી દેવા ને વખતસર સોનગઢ આવી જવું.

–દિ. જૈન સ્વાધ્યાય મંદિર, સોનગઢ ( સૌરાષ્ટ્ર )

# જન્મધામનો મંગળ સ્વસ્તિક



**ઉમરાળાનગરમાં ઉજમબા માતાના ઘરમાં જે સ્થાને કહાનકુંવરનો જન્મ થયો તે સ્થાને મંગળ સ્વસ્તિકનું સ્થાપન કરેલ છે તેનું દૃશ્ય.**



# ધ...ર્મા...ત્મા...નો યો...ગ

વૈશાખ સુદ બીજ....એ આત્માર્થી જીવોને માટે ધન્ય દિવસ છે. એ દિવસે ગુરુદેવનો મંગલ અવતાર થયો....અને, તેમના પ્રતાપે, આ જગતમાં મહાન દુર્લભ એવો ધર્માત્માનો યોગ જિજ્ઞાસુ જીવોને સંપ્રાપ્ત થયો. આ જગતમાં બધી વસ્તુનો યોગ સુગમ છે પરંતુ ધર્માત્માનો યોગ બહુ દુર્લભ છે. એમાંય આ હળહળતા વિષમ કાળમાં ધર્માત્માનો યોગ મળવો તે તો ખરેખર રણમાં તૃષાતુરને અમૃત મળવા જેવું છે. જેમ માબાપની હાજરી પણ બાળકને પ્રસન્નકારી ને હિતકારી છે તેમ ધર્માત્માનો યોગ મુમુક્ષુ જીવને પ્રસન્નકારી ને હિતકારી છે.

હે ગુરુદેવ! બલિહારી છે આપની....કે જેણે અમને આ કાળે ધર્માત્માનો યોગ આપ્યો! અનેકવિધ આધિ–વ્યાધિ–ઉપાધિથી ભરેલા આ અસાર સંસારમાં પણ જ્યાં આપશ્રી જેવા ધર્માત્માનો યોગ છે ત્યાં આત્માર્થી જીવોને કોઈ ચિંતા કે મુંઝવણ કેમ હોય? સંસારથી રક્ષણ કરનારી ને સદા સન્માર્ગે દોરનારી આપની મંગળ છાયામાં અમને સદાય આનંદ છે કેમકે આપના પાવન જીવનને ધ્યેયરૂપે રાખીને જ અમે અમારું જીવન જીવી રહ્યા છીએ. આપશ્રીની નીડરતા માત્રથી જીવનના બધા દુઃખો ભુંસાઈ જાય છે ને ભક્તિ–પુષ્પોની સૌરભથી અમારું જીવન મહેકી ઊઠે છે.....એમાંય જ્યારે આપની મીઠી નજર અને મધુરી વાણી અમારા ઉપર વરસે છે ત્યારે અમારા આત્મામાં અનુભવાતો આહ્‌લાદ.....તે તો જાણે આપશ્રીના અતીન્દ્રિય આનંદની પ્રસાદી જ હોય–એમ અમને લાગે છે. અને આપશ્રીના ઉપકારનું સ્મરણ કરતાં જ આત્માના અસંખ્ય–પ્રદેશોરૂપી સીતાર ઝણઝણીને તેમાંથી ભક્તિનું એવું સંગીત ઊઠે છે કે–

**હે નાથ! આ બાલકશિરે તુજ છત્રછાયા અમર હો.....**
**છૂટે ન કદીય સુયોગ તુજનો, સિદ્ધપદનો સાથ હો....**
**તારી અમીદ્રષ્ટિ ઝીલી તુજ ચરણભક્તિથકી ભજી.....**
**આનંદમય જીવું જીવન...સંસારની માયા તજી......**

**( બ્ર. હરિલાલ જૈન )**

ગુરુદેવના ૭૧મા જન્મોત્સવ પ્રસંગે

# સ્વયંભૂ આત્માની મંગળમાળા

(ગૂંથનાર: હરિ)

વૈશાખ સુદ બીજે પૂ. ગુરુદેવનો મંગલ જન્મદિવસ છે.....ભવ્ય જીવો ઉપર ગુરુદેવે મહાન ઉપકાર કર્યો છે. જે મહાપુરુષના પ્રતાપે ભવભ્રમણથી છૂટવાની દિશા સૂઝી હોય, જે સંતના નિમિત્તે સત્ય ધર્મની પ્રાપ્તિ થઈ હોય, જે મંગલમૂર્તિના પ્રસાદથી આત્મકલ્યાણના આશીર્વાદ મળ્યા હોય, તે મહાત્માના જન્મોત્સવ પ્રસંગે ભક્તોના હૃદયમાં ભક્તિની વિશેષ ઊર્મિઓ જાગે એ સહજ છે.–એ ઊર્મિ વ્યક્ત કરવા માટે એવો વિચાર આવ્યો કે ગુરુદેવના જન્મોત્સવપ્રસંગે એવી વસ્તુ અર્પણ કરવી કે જે ગુરુદેવને પ્રિય હોય. આત્માનું 'સ્વયંભૂ'પણું ગુરુદેવને ખૂબ જ પ્રિય છે, વારંવાર તેઓ તેનું રટણ કરે છે. તેથી 'સ્વયંભૂ'ના મહિમા સંબંધી તેઓશ્રીના જ શ્રીમુખથી નીકળેલા પુષ્પોમાંથી ૭૧ પુષ્પોની આ મંગળમાળા ગૂંથીને તેઓશ્રીને સમર્પણ કરીએ છીએ.

૧. આત્મા 'સ્વયંભૂ' છે, કેમકે અન્ય કારકોની અપેક્ષા વગર, સ્વયમેવ છ કારકરૂપ થઈને પોતે સર્વજ્ઞ થાય છે.

૨. શુદ્ધોપયોગવડે શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ થાય છે, તે અન્ય કારકોથી નિરપેક્ષ છે.

૩. શુદ્ધોપયોગથી આત્મા પોતાના જ આશ્રયે કેવળજ્ઞાન પામે છે તેથી તે અત્યંત સ્વાધીન છે.

૪. હે જીવ! તારા સ્વભાવનો આશ્રય કરીને તેને જ તારી સર્વજ્ઞતાનું સાધન બનાવ, બહારના સાધનને ન શોધ.

૫. જેમ સર્વજ્ઞ થયેલ આત્મા 'સ્વયંભૂ' છે તેમ સમ્યગ્દર્શન વગેરેમાં પણ આત્મા 'સ્વયંભૂ' છે.

૬. શુદ્ધોપયોગની ભાવનાના પ્રભાવથી આત્મા સર્વજ્ઞ થાય છે, તે શુદ્ધોપયોગ આત્માને જ આધીન છે.

૭. ઉપયોગને અંતરમાં વાળવો તે જ આત્મપ્રાપ્તિનો ઉપાય.

૮. સ્વયંભૂ આત્માને જ સિદ્ધદશા થઈ તે થઈ, તેનો હવે કદી અભાવ નહિ થાય.

૯. સ્વયંભૂ આત્માને સંસારદશા ગઈ તે ગઈ, હવે ફરીને કદી સંસાર નહિ થાય.

૧૦. શુદ્ધોપયોગના પ્રસાદથી થયેલી આવી શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ તે પ્રશંસનીય છે.

૧૧. બીજા કોઈ કર્તાની અપેક્ષા વગર, આત્મા પોતે જ કર્તા થઈને સ્વયં સર્વજ્ઞ થયો છે તેથી તે ‘સ્વયંભૂ’ છે.

૧૨. બીજા કોઈ કાર્યની અપેક્ષા વગર, આત્મા પોતે જ સર્વજ્ઞતારૂપ, કાર્યરૂપે પરિણમ્યો છે તેથી તે ‘સ્વયંભૂ’ છે.

૧૩. બીજા કોઈ સાધન (કરણ) ની અપેક્ષા વગર, આત્મા પોતે જ કરણ (સાધન) થઈને સર્વજ્ઞ થયો છે તેથી તે ‘સ્વયંભૂ’ છે.

૧૪. બીજા કોઈ સંપ્રદાનની અપેક્ષા વગર, આત્મા પોતે જ સંપ્રદાન થઈને સર્વજ્ઞ થયો છે તેથી તે ‘સ્વયંભૂ’ છે.

૧૫. બીજા કોઈ અપાદાનની અપેક્ષા વગર, આત્મા પોતે જ અપાદાન થઈને સર્વજ્ઞ થયો છે તેથી તે ‘સ્વયંભૂ’ છે.

૧૬. બીજા કોઈ આધારની અપેક્ષા વગર, પોતાના સ્વભાવના આધારે જ આત્મા સર્વજ્ઞ થયો છે તેથી તે ‘સ્વયંભૂ’ છે.

૧૭. હે જીવ! સર્વજ્ઞ થવા માટેની સામગ્રી (છએ કારકો) તારા સ્વભાવમાં જ છે, માટે બાહ્ય સામગ્રી શોધવાની આકુળતા છોડ....ને સ્વભાવમાં ઉપયોગ જોડીને તેને જ સાધન બનાવ.

૧૮. રાગમાં એવી તાકાત નથી કે તે આત્માની સર્વજ્ઞતાનું કે સમ્યક્ત્વાદિનું સાધન થાય.

૧૯. પોતાના સ્વભાવને સાધવા માટે આત્માને જો પરની કે રાગની અપેક્ષા લેવી પડે તો તે ‘સ્વયંભૂ’ ન થયો પણ પરાધીન થયો; પરાધીનતામાં તો સુખ કેમ હોય?

૨૦. સુખ તેને કહેવાય કે જેમાં સ્વાધીનતા હોય, જેમાં બીજાની અપેક્ષારૂપ પરાધીનતા ન હોય.

૨૧. શુદ્ધોપયોગના પ્રભાવથી સ્વયંભૂ થયેલા સર્વજ્ઞ આત્માને ઇન્દ્રિયો વગર જ પરિપૂર્ણ જ્ઞાન ને આનંદ હોય છે, કેમકે આત્માનો સ્વભાવ જ જ્ઞાન ને આનંદ છે.

૨૨. સ્વભાવને પરની અપેક્ષા હોય નહિ, તેથી સ્વયમેવ પરિપૂર્ણ જ્ઞાન ને આનંદરૂપે પરિણમેલા સ્વયંભૂ આત્માને પોતાના જ્ઞાન કે આનંદ માટે ઇન્દ્રિયવિષયોની અપેક્ષા નથી.

૨૩. જેમ સર્વજ્ઞ થયેલા આત્માનું જ્ઞાન કે સુખ ઇન્દ્રિયવિષયોમાંથી આવતું નથી, તેમ જગતના કોઈ પણ આત્માનું જ્ઞાન કે સુખ ઇન્દ્રિયવિષયોમાંથી આવતું નથી.

૨૪. ધર્મી જાણે છે કેઃ ज्ञानस्वभावोहं...आनंदस्वभावोहं.

૨૫. અન્ય કોઈ પણ કારકોની અપેક્ષા વગર, શુદ્ધોપયોગના પ્રસાદથી સ્વયમેવ છ કારકરૂપ થઈને જે કેવળજ્ઞાનરૂપે ને અતીન્દ્રિય પરમાનંદરૂપે પ્રગટયો એવા ‘સ્વયંભૂ’ આત્માની પ્રશંસા કરીને શ્રી કુંદકુંદાચાર્યદેવ કેવળજ્ઞાનરૂપી સુપ્રભાતના ગાણાં ગાય છે, તેનું બહુમાન કરે છે.

૨૬. અતીન્દ્રિય જ્ઞાન ને આનંદરૂપી જે મંગલ સુપ્રભાત ઊગ્યું તે પ્રશંસનીય છે, તે આદરણીય છે, તે મંગલ પ્રભાત સદાકાળ જયવંત રહેશે.

૨૭. આત્માના જ્ઞાનાનંદસ્વભાવની પ્રતીત કરવી તે પણ સમ્યક્ત્વરૂપી મંગલ પ્રભાત છે, તે પણ આનંદરૂપ છે.

૨૮. અહા! ઇન્દ્રિયો વગર અને રાગ વગર જ જ્ઞાન ને આનંદ હોય છે–એ વાત સ્વભાવસન્મુખ થયા વગર બેસે તેમ નથી.

૨૯. અનાદિથી અજ્ઞાની જીવોને દેહબુદ્ધિથી ઇન્દ્રિયવિષયોમાં જ સુખની કલ્પના છે, અતીન્દ્રિય આત્મસુખનું લક્ષ પણ નથી; તેથી સ્વયંભૂ’ આત્માના જ્ઞાન ને સુખની વાત સાંભળતા તેને પ્રશ્ન ઊઠે છે કે ઇન્દ્રિયો વગર જ જ્ઞાન અને સુખ કઈ રીતે હોય? રૂપ–રસ–ગંધ વગેરે કોઈ પદાર્થ વગર જ જ્ઞાન ને સુખ કેમ હોય?

૩૦. આચાર્યદેવ પરમકરુણાથી સમજાવે છે કે ભાઈ ઇન્દ્રિયવિષયોમાં તને જે સુખની કલ્પના છે તે ખોટી છે, તેમાં સુખ નથી, તે ઇન્દ્રિયવિષયો પ્રત્યેની આકુળતા તો દુઃખ જ છે, એ જ રીતે ઇન્દ્રિયોના અવલંબનમાં અટકતાં જ્ઞાનનો વિકાસ અટકે છે.

૩૧. ભાઈ! એક વાર તું ઇન્દ્રિયોથી ભિન્ન થઈને તારા અતીન્દ્રિય આત્માને લક્ષમાં લે તો, ઇન્દ્રિયો વગર જ જ્ઞાન ને સુખ કઈ રીતે હોય છે તેની ખાતરી તને તારા સ્વભાવના અવલંબને જ થઈ જશે; અને 'સ્વયંભૂ' એવા સર્વજ્ઞના જ્ઞાન ને સુખનો પણ નિર્ણય તને થઈ જશે.

૩૨. ઇન્દ્રિયવિષયોમાં ને રાગમાં જ સુખ કલ્પીને તેમાં લીનપણે જે વર્તે તેને અતીન્દ્રિય આત્માના સુખનો નિર્ણય ક્યાંથી થાય?

૩૩. રાગના એક વિકલ્પને પણ જે જીવ સુખનું કે જ્ઞાનનું સાધન માને છે તે જીવ ઇન્દ્રિયવિષયોમાં જ સુખ માને છે; આત્માના 'સ્વયંભૂ'–સ્વભાવને તે માનતો નથી.

૩૪. રાગને સાધન માન્યું તો, જ્યાં રાગ નહિ ત્યાં સુખ નહિ–એમ તેની માન્યતામાં આવ્યું, એટલે રાગ વગરનું અતીન્દ્રિય વીતરાગસુખ તેની શ્રદ્ધામાં ન આવ્યું. અતીન્દ્રિય સુખની જ્યાં શ્રદ્ધા પણ ન હોય ત્યાં તેનો ઉપાય ક્યાંથી કરે?

૩૫. "અહા, શુદ્ધોપયોગ જ મારા જ્ઞાન ને આનંદનો ઉપાય છે!"–આવો નિર્ણય કરતાં જ જીવની પરિણતિ અંતરમાં વળે છે, ને બહારમાં ઊછાળા મારવાનું અટકી જાય છે.

૩૬. શુધ્ધોપયોગ એટલે શું? શુદ્ધ આત્મસ્વભાવમાં ઉપયોગની એકાગ્રતા તે શુદ્ધોપયોગ છે; તેને રાગનું કે વિકલ્પનું અવલંબન નથી.

૩૭. આત્મદશાનું અપૂર્વ 'પરિવર્તન' કેમ થાય? જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન કરવાથી, અનાદિના અજ્ઞાનનો નાશ થઈને અપૂર્વ સમ્યગ્જ્ઞાન પ્રગટે છે.–આ જ અપૂર્વ પરિવર્તન છે.

૩૮. ચૈતન્યનું ભાન કરીને પછી જેઓ મુનિ થયા ને અતીન્દ્રિયરસના અનુભવમાં જેમણે જિંદગી વીતાવી–એવા મહાન સંતનું આ કથન છે.

૩૯. કોને સમજાવે છે આ વાત?–જેને તૃષા લાગી છે, આત્મરસની જેને ગરજ થઈ છે, અનાદિની અજ્ઞાનદશાનું પરિવર્તન કરીને જે જ્ઞાનદશા પ્રગટ કરવા માંગે છે અને તેનો ઉપાય વિનયથી પૂછે છે, એવા શિષ્યને આચાર્યદેવ ભેદજ્ઞાનની આ વાત સમજાવે છે.

૪૦. ભાઈ, તારો 'સ્વયંભૂ' આત્મા રાગાદિ પરભાવોથી અત્યંત નિરપેક્ષ છે, રાગની અપેક્ષા વગર તે સ્વયં જ્ઞાન ને આનંદરૂપ થાય છે.

૪૧. 'વિદ્વાન' કોને કહેવાય?–કે જે ભેદજ્ઞાનવાળો હોય તેને; સ્વયંભૂ આત્માને રાગથી જુદો જાણીને જે ભેદજ્ઞાન કરે તે જ ખરો વિદ્વાન છે.

૪૨. આત્માનું હોવાપણું કે થવાપણું પરને લીધે જે માને તે જીવ 'સ્વયંભૂ' આત્માને નહિ જાણતો હોવાથી અજ્ઞાની છે, મૂઢ છે.

૪૩. જેમ શુદ્ધોપયોગવડે કેવળજ્ઞાન ને પૂર્ણ આનંદ સાધવા માટે કોઈ વિકલ્પનું કે બાહ્ય પદાર્થનું અવલંબન નથી તેમ કેવળજ્ઞાન થયા પછી પણ તે આત્માને પોતાના પૂર્ણ જ્ઞાન કે આનંદને માટે કોઈ વિકલ્પનું કે પરનું અવલંબન નથી. પરના કે વિકલ્પના અવલંબન વગર જ સ્વયમેવ તે આત્મા પૂર્ણ જ્ઞાન ને આનંદરૂપે પરિણમે છે તેથી તે 'સ્વયંભૂ' છે.

૪૪. જે પોતે જ સ્વયં જ્ઞાનસ્વરૂપ હોય તેને પોતાના જ્ઞાન માટે બીજાની અપેક્ષા કેમ હોય?–તેમજ જે પોતે જ

સ્વયં સુખસ્વરૂપ હોય તેને પોતાના સુખ માટે બીજાની આધીનતા કેમ હોય? ન જ હોય; માટે સ્વયંમેવ જ્ઞાન ને સુખરૂપે પરિણમનાર 'સ્વયંભૂ' ભગવાનને ઇન્દ્રિય વગર જ જ્ઞાન ને સુખ હોય છે.

૪૫. જુઓ, આ કેવળજ્ઞાનનો મહિમા! આવું કેવળજ્ઞાન શુદ્ધોપયોગના પ્રસાદથી થાય છે. પણ જે કેવળજ્ઞાનને જ ન માને તેને શુદ્ધોપયોગનો પ્રસાદ કેવો?

૪૬. હું જ્ઞાયકસ્વભાવ છું–એવી પ્રતીત વગર સર્વજ્ઞની પ્રતીત કેવી–અને શુદ્ધોપયોગ ક્યાંથી? જ્ઞાનસ્વભાવ તરફ વળે તેને જ કેવળજ્ઞાનની પ્રતીત થાય છે અને તેને જ શુદ્ધોપયોગનો પ્રસાદ (–કેવળજ્ઞાન) પ્રાપ્ત થાય છે.

૪૭. રાગરૂપ શુભોપયોગના પ્રસાદથી કેવળજ્ઞાન તો નથી થતું પરંતુ કેવળ–કલેશ થાય છે. શુભને પ્રસન્ન કરવા જાશે તો તેની પ્રસાદીથી સંસારકલેશ મળશે; અને શુદ્ધોપયોગને પ્રસન્ન કરશે તો તેની પ્રસાદીથી કેવળજ્ઞાન પામીને સ્વયંભૂ પરમાત્મા થશે.

૪૮. જેમ કેવળજ્ઞાન થવામાં શુદ્ધોપયોગ સિવાય બીજું કોઈ કારણ નથી તેમ સમ્યગ્દર્શન થવામાં પણ શુદ્ધાત્માની પ્રતીત સિવાય બીજું કોઈ કારણ નથી; નવતત્ત્વના વિકલ્પો પણ સમ્યગ્દર્શનમાં કારણ નથી.

૪૯. કેવળજ્ઞાન માટે શુદ્ધોપયોગ સિવાય બીજાને (–રાગાદિને) સાધન માનવું તે કેવળજ્ઞાનનો અનાદર છે, તેમાં શુદ્ધોપયોગનો પણ અનાદર છે, ધર્મનો અનાદર છે, મોક્ષનો અનાદર છે અને મોક્ષના સાધક શુદ્ધોપયોગી સન્તોનો પણ અનાદર છે.–આ રીતે તે ઊંધી માન્યતામાં મોટો અપરાધ છે, તે સંસારનું કારણ છે.

૫૦. શુદ્ધોપયોગ તે કેવળજ્ઞાનનો રાજમાર્ગ છે. અને શુભરાગ તો કેવળજ્ઞાનને રોકનાર લૂંટારો છે. રાગને ધર્મનું સાધન માને તે રાજમાર્ગનો અપરાધી છે; તે 'રાજમાર્ગી' નથી પણ 'રાગમાર્ગી' એટલે કે સંસારમાર્ગી છે.

૫૧. શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાનો આત્માનો સ્વભાવ જ છે, પછી બીજું સાધન કેમ હોય? આત્મા સ્વભાવથી જ કેવળજ્ઞાનરૂપ થતો હોવાથી તે 'સ્વયંભૂ' છે. પોતે સ્વયં છ કારકોરૂપે થઈને કેવળજ્ઞાનરૂપ થતો હોવાથી સ્વયંભૂ છે.

૫૨. એક તો કુંદકુંદાચાર્યદેવની અદ્‌ભુત રચના અને વળી તેના ઉપર અમૃતચંદ્રઆચાર્યની ટીકા. – ભરતક્ષેત્રમાં અજોડ છે, પંચમકાળે અમૃત રેડાયા છે.

૫૩. આત્માનો જ્ઞાન અને સુખસ્વભાવ તે મહામંગળ છે, તેની શ્રદ્ધા કરતાં આત્મામાં અપૂર્વ મંગલપ્રભાતનો ઉદય થાય છે. સમ્યગ્દર્શન તે અપૂર્વ મંગલપ્રભાત છે.

૫૪. આત્માના નિરપેક્ષ જ્ઞાન અને સુખસ્વભાવની જેણે શ્રદ્ધા કરી તે પર તરફના ભાવોથી ઉદાસીન થઈને પોતાના સ્વરૂપમાં પરિણમવા લાગ્યો.

૫૫. હવે સ્વરૂપસન્મુખ પરિણમતાં જેમ જેમ કાળ જાય છે તેમ તેમ કેવળજ્ઞાન નજીક–નજીક આવતું જાય છે.....એક સમયમાં એક પર્યાય પરિણમે છે ને એક સમય કેવળજ્ઞાન નજીક આવે છે.

૫૬. આચાર્યદેવ પોતે આવી દશામાં ઝૂલી રહ્યા છે ને કેવળજ્ઞાનને સાધી રહ્યા છે....તેમના આત્મામાંથી નીકળેલા આ ન્યાયો છે.

૫૭. ઈદ્રિયો જડસ્વરૂપ છે, તેનાથી જ્ઞાન થતું નથી. જ્ઞાનસ્વરૂપી આત્મા પોતે જ, ઇન્દ્રિયોથી નિરપેક્ષપણે જ્ઞાનરૂપ પરિણમીને જાણે છે.

૫૮. જ્ઞાનની જેમ આત્માનો સુખસ્વભાવ પણ ઈન્દ્રિયોને આધીન નથી. સિદ્ધભગવંતો પોતાના સ્વભાવથી જ સુખરૂપે પરિણમી રહ્યા છે.

૫૯. આત્માના આવા નિરપેક્ષ જ્ઞાન અને સુખસ્વભાવને હોંશપૂર્વક....આદરપૂર્વક...... ઉલ્લાસપૂર્વક જે સ્વીકારે છે તે જીવ આસન્નભવ્ય છે....અલ્પકાળમાં તે પોતે ઇન્દ્રિયોથી પાર એવા જ્ઞાન ને સુખસ્વરૂપ સ્વયંભૂ–પરમાત્મા થઈ જશે.

૬૦. અહા, જુઓ આ સ્વભાવ સાથે સંબંધ જોડવાની, ને પર સાથેનો સંબંધ તોડવાની રીત.–આ રીતથી સંસારથી છૂટાય છે ને સર્વજ્ઞતા પમાય છે.

૬૧. આત્માના જ્ઞાન–આનંદ સ્વભાવની પ્રતીત કરનાર જીવ પોતાના કેવળજ્ઞાનને પોતામાં જ દેખે છે, કેવળજ્ઞાન માટે બીજા કોઈ પણ કારકોની અપેક્ષા તેની દ્રષ્ટિમાંથી છૂટી જાય છે.

૬૨. કેવળજ્ઞાન લેવા માટે આત્માને ક્યાંય બહાર નથી જવું પડતું, તેમજ બીજા સામે જોવું નથી પડતું, પોતાથી ભિન્ન બીજી કોઈ સામગ્રી શોધવી નથી પડતી; માટે બહારનું કોઈ કારણ નથી. આત્મા પોતામાં જ રહીને, સ્વયમેવ છ કારકરૂપ થઈને પોતે કેવળજ્ઞાનપણે પ્રગટ થાય છે તેથી તે 'સ્વયંભૂ' છે.

૬૩. જુઓ, આ આત્મરસ! આત્મરસિક થઈને આવા સ્વયંભૂ આત્માની ભાવના કરતાં અપૂર્વ આત્મરસનાં ઝરણાં ફૂટે છે.

૬૪. 'સ્વયંભૂ' થયેલા આત્માની પ્રશંસા કરતાં આચાર્યદેવ કહે છે કે અહા! શુદ્ધોપયોગના સામર્થ્યથી ઘાતીકર્મોનો ક્ષય કરીને 'આ' આત્મા પોતે જ જ્ઞાન અને સુખરૂપે પ્રસિદ્ધ થયો છે.

૬૫. જુઓ, આચાર્યદેવની અદ્‌ભુત શૈલિ! 'આ....આત્મા' એમ કહીને, સ્વયંભૂ–સર્વજ્ઞ ભગવંતોને પોતાના જ્ઞાનમાં પ્રત્યક્ષ કરીને, જાણે કે પોતાનો આત્મા પણ શુદ્ધોપયોગના બળથી વર્તમાનમાં કેવળજ્ઞાન અને સુખરૂપે પરિણમતો હોય!–એવી અદ્‌ભુત રીતે સ્વયંભૂ આત્માનો મહિમા ગાયો છે.

**૬૬. અહો, આત્માની એ પળ અને એ ક્ષણને ધન્ય છે કે જે પળે ને જે ક્ષણે ચૈતન્યના શુદ્ધઉપયોગના સામર્થ્યથી પોતે જ પરિપૂર્ણ જ્ઞાન અને સુખરૂપે થઈને સ્વયંભૂ થશે....ને એ જ રીતે પૂર્ણ જ્ઞાન-આનંદરૂપે પોતે સાદિ-અનંતકાળ સુધી રહ્યા કરશે.**

**૬૭. તે આત્માઓ પણ ધન્ય છે કે જેઓ સ્વયંભૂ થઈને પોતાના અતીન્દ્રિય જ્ઞાન ને આનંદમાં સાદિ-અનંત બિરાજી રહ્યા છે.**

**૬૮. તે આત્માઓ પણ ધન્ય છે કે જેઓ એવા પૂર્ણ જ્ઞાન ને આનંદની અપૂર્વ આરાધના કરી રહ્યા છે.**

**૬૯. જેનો ઉદય જ્ઞાનપ્રકાશથી ભરપૂર છે અને આનંદદાયક છે એવા સ્વયંભૂ-સુપ્રભાતનો ઉદય જયવંત વર્તો.**

**૭૦. જેમની ઓળખાણ કરતાં આત્માના જ્ઞાન-આનંદ-સ્વભાવની ઓળખાણ થાય છે.... એવા જ્ઞાન-આનંદમય સ્વયંભૂ સર્વજ્ઞ પરમાત્માને નમસ્કાર હો.**

**૭૧. અન્યકારકોથી નિરપેક્ષ એવા 'સ્વયંભૂ' આત્માની ઓળખાણ કરાવનાર...અને 'સ્વયંભૂ' થવાનો સત્યમાર્ગ દર્શાવનાર ગુરુદેવને ૭૧મા મંગલજન્મોત્સવ પ્રસંગે નમસ્કાર હો.**

* * *

# ફત્તેપુરમાં આત્માની ફત્તેહ થાય તેવી વાત

**( વૈશાખ સુદ બીજના મંગલદિને ફત્તેપુરનગરમાં પૂ. ગુરુદેવનું પ્રવચન )**

**જુઓ ભાઈ, જગતમાં બધું સુલભ છે પરંતુ ચૈતન્યતત્ત્વની વાર્તા અતિ દુર્લભ છે. અંતરમાં ચિદાનંદસ્વરૂપ આત્માનો અનુભવ કેમ થાય, તે જ કરવા જેવું છે....તેમાં જ આત્માની ફત્તેહ છે....ને તેમાં જ જીવનની સફળતા છે. ભાઈ, એક વાર ચૈતન્યની વાત લક્ષમાં લઈને હોંશથી હા પાડ... તો તારી અપૂર્વ ફત્તેહ થાય...ને તને મોક્ષપદ મળે.**

સર્વજ્ઞદેવની વાણી હો કે સાધક સંતોની વાણી હો, તેમનું કથન એક જ પ્રકારનું સમ્યક્ હોય છે; સમ્યક્ શ્રદ્ધા તેમની સરખી છે. સર્વજ્ઞ પરમાત્મા હો, ચારિત્રધારી સંત મુનિ હો, કે અવિરત સમ્યગ્દ્રષ્ટિ હો, તેમની શ્રદ્ધા ને પ્રરૂપણા સરખી જ હોય છે, તેમાં ફેર હોતો નથી. સ્વરૂપસ્થિરતારૂપ આચરણમાં હીનાધિકતા હોય, પણ પ્રરૂપણામાં પરસ્પર વિરોધ હોતો નથી.

આત્મસ્વરૂપનું ભાન કરીને તેને સાધતાં સાધતાં જ્યારે સ્વરૂપસ્થિરતા પ્રગટે ને મુનિદશા થાય ત્યારે બાહ્યમાં પણ વસ્ત્રાદિ પરિગ્રહરહિત થઈ જાય છે. આવા વનવાસી દિગંબર મુનિરાજ પદ્મનંદીદેવે આત્માના આનંદમાં ઝૂલતાં ઝૂલતાં આ શાસ્ત્ર રચ્યું છે. સર્વજ્ઞદેવ અનુસાર તેમની પ્રરૂપણા હોય છે. સમ્યગ્દ્રષ્ટિ પણ શ્રદ્ધામાં તો સર્વજ્ઞ જેવા જ છે. સર્વજ્ઞદેવ અને અવ્રતી સમ્યગ્દ્રષ્ટિની સમ્યક્ શ્રદ્ધામાં કાંઈ ફેર નથી. સમ્યગ્દ્રષ્ટિ કેવા છે? –

સ્વારથ કે સાચે પરમારથ કે સાચે ચિત,<br>
સાચે સાચે વૈન કહે સાચે જૈન મતિ હૈ;<br>
કાહૂકે વિરોધી નાંહી પરજાય બુદ્ધિ નાંહી,<br>
આતમગવેષી, ન ગૃહસ્થ હૈ ન યતી હૈ.<br>
સિદ્ધિ–રિદ્ધિ–વૃદ્ધિ દીસે ઘટમેં પ્રગટ સદા,<br>
અંતરકી લક્ષીસોં અજાચી લક્ષપતી હૈ;<br>
દાસ ભગવંત કે ઉદાસ રહે જગત સોં<br>
સુખીયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈ.

( કવિવર બનારસીદાસજી )

જુઓ, આ સમ્યગ્દ્રષ્ટિની દશા! સમ્યગ્દ્રષ્ટિને બાહ્યની પરવા હોતી નથી, તે જગતથી ઉદાસ છે, ચૈતન્ય સ્વરૂપની જ તેને પ્રીતિ છે, પરમાત્મપદની તેને લગની લાગી છે. અંતરની ચૈતન્યસંપદાના અનુભવપૂર્વક તે ચૈતન્યલક્ષ્મીનો સ્વામી થયો છે, જગત પાસેથી તેને કાંઈ જોઈતું નથી. તે જગતથી ઉદાસ છે ને જિનેશ્વર ભગવાનનો દાસ છે એટલે કે ભગવાને કહેલા માર્ગની આરાધનામાં તત્પર છે.

અહીં પદ્મનંદીપચીસીના નિશ્ચયપંચાશત અધિકારમાં (પર મી ગાથામાં) આચાર્યદેવે કહ્યું કે મુનિવરોના હૃદયમાં જે ચૈતન્યતત્ત્વની પ્રાપ્તિ થતાં વિકલ્પો નષ્ટ થઈ જાય છે–તે ચૈતન્યતત્ત્વને નમસ્કાર કરો. રાગ તરફ ન નમો, વિકલ્પ તરફ ન નમો. ચિદાનંદ તત્ત્વનું બહુમાન કરીને તે તરફ જ નમો. આ જ વિકલ્પોને જીતીને ફતેહ મેળવવાની રીત છે. મુનિની મુખ્યતાથી સંબોધન કર્યું છે પરંતુ નીચલી દશામાં પણ સમકિતીને એજ વાત લાગુ પડે છે. જ્યારે વિકલ્પોથી પાર થઈને ચૈતન્યતત્ત્વનો અનુભવ કરે ત્યારે જ સમ્યગ્દર્શન થાય છે.

સમ્યગ્દ્રષ્ટિને અંતરમાં કેવા આત્માનો અનુભવ હોય છે તે આ પ૩મી ગાથામાં બતાવે છેઃ–

बद्धो वा मुक्तो चिद्रूपो नयविचारविधिरेषः।
सर्वनयपक्षरहितो भवति हि साक्षात्समयसारः।।५३।।

ચૈતન્યસ્વરૂપ આત્મા બંધાયેલો છે કે મુક્ત છે–એ બધી નયવિચારની વિધિ છે, એટલે કે વિકલ્પની રીત છે, તે વિકલ્પમાં શુદ્ધાત્માનો અનુભવ નથી. તે સર્વ નયપક્ષરૂપ વિકલ્પોથી રહિત થાય ત્યારે જ સાક્ષાત્ સમયસાર થાય છે, ત્યારે જ શુદ્ધાત્માનો અનુભવ થાય છે. સમ્યગ્દ્રષ્ટિ પોતાના આત્માને આવો અનુભવે છે.

જુઓ ભાઈ, જગતમાં બીજું બધું સુલભ છે. પરંતુ આ ચૈતન્યતત્ત્વના અનુભવની વાર્તા અતિ દુર્લભ છે. અંતરમાં ચિદાનંદસ્વરૂપ આત્માનો અનુભવ કેમ થાય તે જ કરવા જેવું છે. ભગવાન શાંતિનાથ–કુંથુનાથ–અરનાથ એ ત્રણે તીર્થંકરો પહેલાં ચક્રવર્તી હતા; જન્મ્યા ત્યારથી જ તે ત્રણે આત્મજ્ઞાન ઉપરાંત ત્રણ જ્ઞાન સહિત હતા, ઇંદ્રોએ તેમનો જન્માભિષેક કર્યો હતો, ને હજારહજાર નયનોથી તેમનું દિવ્યરૂપ નીહાળવા છતાં તૃપ્ત થયા ન હતા. પણ જન્મ્યા ત્યારથી જ તેમને અંતરમાં ભાન હતું કે અમે શુદ્ધ ચૈતન્યરૂપ છીએ, આ દેહનું દિવ્યરૂપ તે અમે નથી, ઇંદ્રો નમે તેને લીધે કાંઈ અમારા આત્માનો આવો જ સ્વભાવ છે. આવા આત્માને ઓળખે તેણે ભગવાનને ઓળખ્યા કહેવાય ને તે જ ભગવાનનો સાચો ભક્ત કહેવાય. પ્રભો! તારા આત્માનો સાચો સ્વભાવ સમજ્યા વગર જગતમાં તેને કોઈ શરણરૂપ, મંગલરૂપ કે ઉત્તમરૂપ નથી. કેવો છે આત્મા?

સર્વનયપક્ષથી રહિત છે; દેહાદિથી તો જુદો છે, બહારના પદાર્થો સંબંધી સ્થૂળ રાગ–દ્વેષ તેનાથી પણ જુદો છે, ને અંદરમાં 'હું જ્ઞાન છું' ઇત્યાદિ જે સૂક્ષ્મ વિકલ્પો તેના સંબંધથી આત્માને ઓળખવા માંગે તો પણ તે ઓળખાતો નથી. તે વિકલ્પને પણ ઓળંગીને, જ્યારે જ્ઞાનને આત્મસન્મુખ કરે ત્યારે આત્મા ઓળખાય છે.

રે જીવ! આ મનુષ્યદેહ તો માટીનું ઢીંગલું છે....તે ક્ષણમાં વીંખાઈ જશે....સંયોગો અનિત્ય છે, ચિદાનંદ સ્વભાવ એક જ આત્માને માટે ધ્રુવ છે–તે જ શરણ છે. આત્માને કોઈ પણ પદાર્થનો સંયોગ નિત્ય નથી તેથી તે શરણરૂપ નથી. સમવસરણ અનિત્ય, પર્વતો ને પ્રતિમાઓનો સંયોગ અનિત્ય, અને જાત્રા વગેરેના રાગની વૃત્તિઓ પણ અનિત્ય; એક અસંયોગી ચિદાનંદતત્ત્વ જ સદા ધ્રુવ રહેનાર છે, તેનો કદી વિયોગ નથી, તે જ શરણરૂપ છે. ધર્મીને તેનું જ આલંબન છે.

ધર્મી જાણે છે કે મારા શુદ્ધસ્વભાવની સંપદા કર્મથી રહિત છે, મારી ચૈતન્યસંપદા કર્મથી બંધાયેલી નથી. હું બંધાયેલો છું એવી વૃત્તિ, કે હું મુક્ત થાઉં એવી વૃત્તિ–તે ચૈતન્યસ્વરૂપથી બહાર છે. ચૈતન્યસ્વરૂપને પકડતાં 'હું બંધાયેલો છું કે હું મુક્ત છું' એવી રાગવૃત્તિને કર્તૃત્વ રહેતું નથી, ને રાગરહિત ચિદાનંદસ્વભાવની પ્રતીતિ–અનુભવ થાય છે, તે મોક્ષમાર્ગનું પહેલું પગથિયું છે.

આ સમ્યગ્દર્શનની વાત છે. સમ્યગ્દર્શનની આ ભૂમિકા

પણ અચિંત્ય–અલૌકિક–અપૂર્વ છે. ચૈતન્યતત્ત્વની સન્મુખ થતાં રાગવૃત્તિનું કર્તૃત્વ રહેતું નથી, વીતરાગી આનંદના અંશનું વેદન થાય છે.–આવી ભૂમિકા વગર ધર્મની શરૂઆત થતી નથી. જેમ સીરો કરવાની જે રીત હોય તે જ રીતે સીરો થાય છે, તેમ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં પહેલાં સમ્યગ્દર્શન હોય છે, ને પછી ચારિત્ર હોય છે. સમ્યગ્દર્શન વગર વ્રત–તપ કે ચારિત્ર માને તો તેને મોક્ષમાર્ગની વિધિની ખબર નથી. બંધ–મોક્ષબંધથી વિકલ્પના પક્ષમાં ઊભો રહીને આત્માના સ્વભાવનો અનુભવ થતો નથી. 'હું શુદ્ધ છું–મુક્ત છું' એવા નિશ્ચયસંબંધીના વિકલ્પના કર્તૃત્વમાં રોકાયેલો જીવ પણ હજી આત્માના અનુભવથી બહાર છે. બંધ–મોક્ષના વિકલ્પનું કર્તૃત્વ છોડીને, આનંદસ્વરૂપ આત્મામાં ઢળતાં સમ્યગ્દર્શનરૂપી પહેલો ધર્મ થાય છે.

સમ્યગ્દર્શન પામવાનો અધિકારી જગતમાં પરના કર્તૃત્વથી ઉદાસ છે, મારું ચૈતન્યતત્ત્વ જગતથી જુદું છે, ને એક રાગની વૃત્તિનું કર્તૃત્વ પણ મારા ચૈતન્યમાં નથી,–આવા યથાર્થ લક્ષપૂર્વક તે ચૈતન્યના અનુભવનો ઉદ્યમી છે. રાગની વૃત્તિનું ઉત્થાન તે ચૈતન્યના અનુભવનો ઉપાય નથી, પણ ચૈતન્યસ્વભાવની સન્મુખતાનો ઉદ્યમ તે જ ચૈતન્યના અનુભવનો ઉપાય છે.

અહા, ચૈતન્યતત્ત્વ શું ચીજ છે તેનું લક્ષ પણ જીવે કદી બાંધ્યું નથી. જગતના પદાર્થોના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ આ આત્માથી ભિન્ન છે, એક રજકણમાત્રનું પણ કર્તાપણું આત્મામાં નથી.–આવા આત્માને લક્ષમાં લીધા વગર, પરના કર્તાપણાની બુદ્ધિમાં અટકેલા જીવો અંતર્સ્વભાવમાં ક્યાંથી વળે? પરના કર્તૃત્વની વાત તો દૂર રહો, અહીં તો આચાર્યદેવ અંતરની સૂક્ષ્મ વાત સમજાવે છે કે ચૈતન્યના આંગણે આવીને પણ જ્યાંસુધી 'બદ્ધ–મુક્ત' ના વિકલ્પમાં રોકાય છે ત્યાંસુધી શુદ્ધઆત્માનો અનુભવ થતો નથી. ચૈતન્યસ્વભાવમાં બદ્ધ–મુક્ત સંબંધી રાગ–વિકલ્પો નથી, તેથી તે રાગવિકલ્પોના કર્તૃત્વમાં અટકેલા જીવને (–ભલે મુક્ત સંબંધી વિકલ્પો હોય તો પણ) શુદ્ધ આત્માનો અનુભવ થતો નથી, શુદ્ધાત્મા તરફ વળ્યા પહેલાં શરૂઆતમાં તેવા વિકલ્પો હોય છે ખરા, પણ તે વિકલ્પો સાધક નથી પણ બાધક છે, માટે તે વિકલ્પથી પાર થઈને અંતર્મુખ સાક્ષાત્ ચિદાનંદસ્વરૂપનો સ્વાદ લેવો તે 'સમયસાર' છે, તે જ સમ્યગ્દર્શન છે.....તેમાં આત્માની ફતેહ છે.

અહો, આ અપૂર્વ વાત છે...અપૂર્વ કલ્યાણ કરવાની આ વાત છે. આ અપૂર્વ સમજણ કરવી તેમાં જ જીવનની સફળતા છે. આચાર્યદેવ કહે છે કે અરે ભાઈ! એક વાર અમારી વાત સાંભળીને લક્ષમાં તો લે....આવો જ મારો સ્વભાવ છે–એમ લક્ષમાં લઈને હોંશથી હા તો પાડ. આ વાતની હા પાડવાથી પણ તારું અપૂર્વ કલ્યાણ થશે. જુઓ, આ ફત્તેહપુરમાં આત્માની ફત્તેહ થાય.–એવી સરસ વાત આવી છે. આત્મા અજ્ઞાનભાવે હારી ગયો છે, આ સમજવાથી આત્માની ફત્તેહ થાય છે ને આત્મા સંસારથી છૂટીને સિદ્ધદશા પામે છે.

❖❖❖❖❖❖❖❖❖

❖❖❖❖❖❖❖

❖❖❖❖

# ધર્માત્માની અનુભવદશાનું વર્ણન

## અને

## તે અનુભવનો ઉપાય

**રાજકોટ શહેરમાં સમયસાર ગા. ૧૪૨-૪૩-૪૪**
**ઉપરનાં મહત્વનાં પ્રવચનોનો સાર**

**જે જીવ આત્માનો ખરો જિજ્ઞાસુ થઈને તેના અનુભવનો પ્રયત્ન કરવા મથે છે, તેને શું થાય છે ને કઈ રીતે તે સ્વાનુભવમાં પહોંચે છે-તે સંબંધી સુંદર વિવેચન જાણવા માટે ગુરુદેવનું આ પ્રવચન વાંચો**

**( ગતાંકથી ચાલુ )**

૧૭. જે જીવ આત્માનો ખરો જિજ્ઞાસુ થઈને તેના અનુભવનો પ્રયત્ન કરવા મથે છે તેની આ વાત છે. અંતરના અનુભવમાં વળ્યા પહેલાં અનેક પ્રકારના વિકલ્પોની જાળ ઊઠે છે. પરંતુ કરું એવી તો વાત નથી, અશુભવિકલ્પોની પણ વાત નથી, શુભ વિકલ્પોમાં પણ બહારના વિકલ્પોની વાત નથી; અંતરમાં ઢળવાં માટે 'હું જ્ઞાન છું, હું નિત્ય છું, ઇત્યાદિ જે વિકલ્પો ઊઠે છે તે વિકલ્પોની જાળમાં જ્યાં સુધી અટવાઈ રહે ત્યાં સુધી પણ સ્વાનુભવમાં પહોંચાતું નથી. જ્યારે તે વિકલ્પની જાળમાંથી બહારથી નીકળીને, જ્ઞાનભાવમાં પહોંચે છે ત્યારે તે વિકલ્પોની જાળ આપોઆપ સમાઈ જાય છે. બહારથી ખસીને અંતરમાં ઢળતાં વચ્ચે એવો વિકલ્પોનો કાળ આવે છે, પણ જ્ઞાનલક્ષે તે વિકલ્પોને ઓળંગીને સ્વાનુભવ થાય છે.

૧૮. વિકલ્પો વચ્ચે આવે તેને સાધન માનીને અટકે, તેના વેદનમાં શાંતિ ભાસે, તેને તો તે વિકલ્પોનો જ કાળ છે, તેને તો સ્વાનુભવનો કાળ આવતો નથી. પણ જે આત્માર્થી છે તેને તો વિકલ્પોના કાળે પણ જ્ઞાનસ્વભાવનું લક્ષ ભેગું જ વર્તતું હોવાથી એકલા વિકલ્પોનો જ કાળ નથી, વિકલ્પોનું જ અવલંબન નથી, પણ જ્ઞાનલક્ષનું અવલંબન હોવાથી તે વિકલ્પોને ઓળંગીને અપૂર્વ સ્વાનુભવનો અવસર પ્રાપ્ત કરે છે.–ચૈતન્યના શાંતસરોવરમાં જઈને વિકલ્પોની આકુળતાના આતાપને શમાવે છે. ચૈતન્યની આવી અનુભૂતિમાં એકલો અતીન્દ્રિય શાંતરસ જ વેદાય છે, ત્યાં વિકલ્પોની વિષમતા વેદાતી નથી.

૧૯. ચૈતન્યનું સ્ફૂરણ થતાં જ, એટલે કે અંતર્મુખ થઈને જ્યાં ચૈતન્યને લક્ષમાં લીધો ત્યાં જ, સમસ્ત વિકલ્પોની ઇન્દ્રજાળ દૂર થઈ જાય છે. જેમ સિંહનો જરાક રણકાર થતાં જ હરણીયાં દૂર થઈ જાય છે, તેમ અંતર્મુખ જ્ઞાનમાં જ્યાં ચિદાનંદ તત્ત્વનું સ્ફૂરણ થયું કે તરત જ સમસ્ત વિકલ્પો વિલય પામી જાય છે.

૨૦. 'હું જ્ઞાન છું–એક છું, અનેક છું; નિત્ય

છું, અનિત્ય છું' આ પ્રકારે સ્વતત્ત્વ સંબંધી વિકલ્પોમાં અટકવું તે પણ સ્વાનુભવમાં બાધક છે, તો પછી પરનું કરું–એવા બાહ્યમાં ઝૂકતા વિકલ્પોમાં અટકે તેની તો વાત જ શી ?–એ તો સ્વાનુભવથી ઘણે દૂર–દૂર છે. જે ખરી ધગશવાળો છે, ખરો આત્માનો રંગી છે, તે જીવ એવા દુર્વિકલ્પોમાં તો નથી અટકતો, અને સ્વાનુભવ પહેલાં વચ્ચે આવી પડેલા ભેદ–વિકલ્પોમાં પણ તે અટકવા નથી માંગતો, તેને પણ ઓળંગીને સ્વાનુભવમાં જ પહોંચવા માંગે છે. કઈ રીતે સ્વાનુભવમાં પહોંચે છે તે વાત ૧૪૪મી ગાથામાં આચાર્યદેવે અલૌકિક ઢબે બહુ સરસ સમજાવી છે.

૨૧. જ્ઞાનસ્વભાવ તરફ ઢળતાં ઢળતાં, હજી જ્યાં સુધી સાક્ષાત્ જ્ઞાનમાં આવ્યો નથી ત્યાં સુધી વચ્ચે આવા વિકલ્પોની જાળ આવશે, તે બતાવીને આચાર્યદેવ કહે છે કે તે વિકલ્પજાળમાં તું ગુંચવાઈ ન જઈશ, પણ જ્ઞાનને તેનાથી જુદું તારવીને તે વિકલ્પજાળને ઓળંગી જાજે, ને જ્ઞાનને અંતરમાં લઈ જાજે. આમ કરવાથી નિર્વિકલ્પ સ્વાનુભવનો અપૂર્વ આનંદ તને અનુભવાશે.

૨૨. અહા, દ્રષ્ટિ પલટતાં બધું પલટી જાય છે; ઉપયોગનો પલટો કરવાનો છે. ઉપયોગનું લક્ષ બહારમાં અટકવાથી સંસાર ઊભો થયો છે, ઉપયોગનું લક્ષ અંતરમાં વાળતાં સંસાર ટળીને મોક્ષ થાય છે.

**ઉપજે મોહવિકલ્પથી સમસ્ત આ સંસાર;**
**અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર.**

૨૩. મૂળવસ્તુસ્વભાવ શું છે તેના અંતર્મુખી નિર્ણય વગર વિકલ્પથી ભિન્નતા થઈ શકે નહિ. જે જીવ જ્ઞાનસ્વભાવમાં અંતર્મુખ થયો ને વિકલ્પથી જુદો પડયો, તેને પછી અમુક પ્રકારના રાગના વિકલ્પો હોય તો પણ તેના ગ્રહણનો ઉત્સાહ નથી, તેના અવલંબનની બુદ્ધિ નથી, ઉત્સાહ તો ચૈતન્ય તરફ જ વળી ગયો છે, બુદ્ધિમાં એટલે કે ભાવશ્રુતજ્ઞાનમાં ચૈતન્યસ્વભાવનું એકલું જ અવલંબન છે.–આવો સમકિતી ધર્માત્મા નયપક્ષથી અતિક્રાંત થયેલો શુદ્ધઆત્મા છે, તે જ 'સમયસાર' છે.

૨૪. અહા! નિર્વિકલ્પ અનુભવ વખતે સમકિતી ધર્માત્મા કેવો હોય છે, તે વાત ભગવાન કેવળજ્ઞાની સાથે સરખાવીને આચાર્યદેવે અલૌકિક રીતે સમજાવી છે. જે જે જીવને સમ્યગ્દર્શન થાય તેને આવી દશા હોય છે.

૨૫. જેમ કેવળી પરમાત્મા નયોના પક્ષથી પાર છે તેમ અનુભવદશામાં સમકિતી પણ નયોના પક્ષથી પાર છે; એ વાત કેવળી ભગવાનના દ્રષ્ટાંતથી આચાર્યદેવે સ્પષ્ટ રીતે સમજાવી છે–

* જેમ કેવળીભગવાન વિશ્વના સાક્ષીપણાને લીધે નયપક્ષના સ્વરૂપના પણ સાક્ષી જ છે–જ્ઞાતા જ છે. તેમ સમકિતી ધર્માત્માને નયપક્ષના વિકલ્પોના ગ્રહણનો ઉત્સાહ છૂટી ગયો હોવાથી, એટલે ચૈતન્ય પ્રત્યે જ ઉત્સાહ વળી ગયો હોવાથી, તે પણ નયપક્ષના વિકલ્પોનો સાક્ષી જ છે–જ્ઞાતા જ છે. તેનાથી જુદો પડીને તેનો અકર્તા થઈ ગયો એટલે સાક્ષી જ રહ્યો.

* કેવળીભગવાન સકળવિમળ કેવળજ્ઞાનવડે વિજ્ઞાનઘન થયા છે, તેમાં નય પક્ષના વિકલ્પોનો પ્રવેશ નથી; તેમ સમકિતી ધર્માત્મા પણ ભાવશ્રુતને અંતર્મુખ કરીને, તીક્ષ્ણ જ્ઞાનદ્રષ્ટિથી ચૈતન્યસ્વભાવને ગ્રહણ કરીને તેમાં જ પ્રતિબદ્ધ થયા છે, એટલે કે ચૈતન્યના અનુભવવડે વિજ્ઞાનઘન થયા છે, તેથી તેના અનુભવમાં પણ નયપક્ષના વિકલ્પોનો પ્રવેશ નથી.

* કેવળીભગવાન સદા વિજ્ઞાનઘન થયા છે, તો શ્રુતજ્ઞાની ધર્માત્મા પણ અનુભવદશા વખતે વિજ્ઞાનઘન થયા છે.

* કેવળીભગવાન તો શ્રુતજ્ઞાનની ભૂમિકાને જ ઓળંગી ગયા છે એટલે તેમને નયપક્ષના વિકલ્પોનું ઉત્થાન રહ્યું નથી; શ્રુતજ્ઞાની સમકિતી ધર્માત્મા–( ભલે સ્ત્રી હો, નરકમાં હો, તિર્યંચ હો કે દેવ હો ) તે પણ અનુભવના કાળે શ્રુતજ્ઞાનસંબંધી સમસ્ત નયપક્ષના વિકલ્પોથી અતિક્રાંત થયા છે, નિર્વિકલ્પ થયા છે, તેથી તે પણ નયપક્ષના વિકલ્પથી પાર છે.

* જેમ કેવળીભગવાન સાક્ષાત્ જ્ઞાનસ્વરૂપ શુદ્ધ આત્મા છે, તેમ શ્રુતજ્ઞાની સાધક પણ અનુભવ દશાના નિર્વિકલ્પ કાળે જ્ઞાનસ્વરૂપ શુદ્ધઆત્મા થયો છે, વિકલ્પોથી પાર થયો છે; અનુભૂતિમાં તેને આત્માની પ્રસિદ્ધિ થઈ છે; તેને પણ 'સમયસાર' કહ્યો છે.

૨૬. અહા ! જાુઓ, આ સમકિતીનો મહિમા ! કેવળીભગવાનના મહિમાની તો શી વાત ? અરે, સાધક સંત મુનિઓની દશાની પણ શી વાત ? અવિરત સમકિતી ધર્માત્માની દશાનો પણ અચિંત્ય મહિમા છે, તે જગતના સાધારણ જીવોને ખ્યાલમાં આવતો નથી. અહા, જેની સરખામણી કેવળજ્ઞાની પરમાત્મા સાથે આચાર્યદેવે કરી તેની અંતર્દશાના મહિમાની શી વાત ?

૨૭. અનુભવદશામાં ધર્માત્મા પોતાને ચૈતન્યસ્વભાવરૂપે જ અનુભવે છે, સમસ્ત વિભાવભાવોને પોતાના સ્વભાવથી જાુદા પાડીને, ચૈતન્યસ્વભાવમાં એકતાપણે જ તે પરિણમે છે.– આવો અનુભવ તે સમ્યગ્દર્શન છે, તે અપૂર્વધર્મ છે, તેમાં અતીન્દ્રિય શાંતિ અને આનંદના તરંગો ઉલ્લસે છે. ભાઈ ! એ જ ખરું કર્તવ્ય છે. ચૈતન્ય ભંડાર તારામાં જ ભર્યા છે તેમાં અંતર્મુખ થા, તો તને આવો અનુભવ સ્વયમેવ તારા આત્માથી જ ( –વિકલ્પોના જરાય અવલંબન વગર જ ) થશે.

૨૮. જ્ઞાનસ્વરૂપ આત્માને જાણીને તેનો અનુભવ કરનાર સમ્યગ્દ્રષ્ટિ જીવ કેવો છે, અને તે અનુભવની રીત શું છે, તે અહીં ૧૪૪મી ગાથામાં આચાર્યદેવ સમજાવે છે. પહેલાં તો આત્માર્થી થઈને જ્ઞાનમાં નક્કી કરવું જોઈએ કે જ્ઞાનસ્વરૂપ જ હું છું, સમસ્ત પરદ્રવ્યોથી અને પરભાવોથી અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ જ હું છું. ઘણા ઘણા પ્રકારે અનુભવ સહિત યુક્તિ વગેરે દ્વારા સમસ્ત પુદ્ગલોથી અત્યંત ભિન્ન આત્મા આચાર્યદેવે બતાવ્યો તે પ્રમાણે પોતાના જ્ઞાનમાં દ્રઢપણે નિર્ણય કરવો જોઈએ.–એવો નિર્ણય કે રાગ તરફના જોરવાળો નહિ પણ જ્ઞાનસ્વભાવ તરફના જોરવાળો.

૨૯. આવા નિર્ણયના જોરે અંતરમાં અભ્યાસ કરતાં કરતાં મતિ–શ્રુતજ્ઞાનને સ્વસન્મુખ વાળતાં આત્મઅનુભવ થાય છે. સ્વસન્મુખ થઈને આવો અનુભવ કરનાર જીવ નય પક્ષના વિકલ્પોથી ખંડિત થતો નથી. અનુભવ પછી અસ્થિરતાના વિકલ્પો ઊઠે તેમાં પણ તેને એકત્વબુદ્ધિ થતી નથી. એટલે તેની સ્વભાવદ્રષ્ટિ વિકલ્પોથી ખંડિત થતી નથી. આ રીતે નિર્વિકલ્પ વિજ્ઞાનઘન થઈને શુદ્ધાત્માનો અનુભવ કરનાર જીવ સમ્યગ્દ્રષ્ટિ છે, તે 'સમયસાર' છે.

૩૦. પ્રથમ શું કરવું ? ધર્મી થવા માટે, આત્માનો અનુભવ કરવા માટે, સમ્યગ્દર્શન માટે, પ્રથમ શું કરવું ? તેની આ વાત છે. પ્રથમ તો શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવો. જાુઓ, આ નિર્ણયમાં શ્રુતજ્ઞાનનું અવલંબન કહ્યું; રાગનું અવલંબન નથી; રાગ હોવા છતાં તેનું અવલંબન નથી, તેના ઉપર વજન નથી, જ્ઞાન ઉપર જ વજન છે.

૩૧. શ્રુતજ્ઞાનના અવલંબનદ્વારા શું નક્કી કરવું ? કે મારો આત્મા જ્ઞાનસ્વભાવી જ છે,–બીજા કોઈ ભાવો તે હું નથી, જ્ઞાનસ્વભાવ જ હું છું–એમ નક્કી કરવું. જાુઓ, શ્રુતજ્ઞાન આવા સ્વભાવનો નિર્ણય કરાવવા માંગે છે. વીતરાગ માર્ગમાં સંતોએ આવો નિર્ણય કર્યો છે, અને તેમના કહેલા શ્રુતમાં પણ આવો જ નિર્ણય કરવાનું કહ્યું છે. આવા નિર્ણય વગર તો વીતરાગી સંતોની કે તે સંતોએ કહેલા શ્રુતની પણ ખરી ઓળખાણ થાય નહીં.

૩૨. 'હું જ્ઞાન છું' એમ યથાર્થપણે એટલે કે જ્ઞાનરૂપ થઈને જે નિર્ણય કરે તેને રાગમાંથી ને પરમાંથી રુચિ ઊડી જાય, એટલે કે તેમાંથી એકત્વબુદ્ધિ છૂટી જાય, તેનાથી જાુદો પડીને જ્ઞાનસ્વભાવની સન્મુખ થાય.–આવો નિર્ણય તે મોક્ષમાર્ગનું પહેલું કર્તવ્ય છે.

૩૩. અહીં એકદમ અંતર્મુખ થવાની વાત છે એટલે એકલા 'અસ્તિ સ્વભાવ' ની વાત લીધી છે; 'જ્ઞાનસ્વભાવ તે હું'–એમ સ્વભાવની અસ્તિમાં વળતાં 'રાગાદિ તે હું નહીં'–એવી વિભાવની નાસ્તિ તેમાં આવી જાય છે.–પણ ઉપયોગનું લક્ષ તો તે વખતે સ્વભાવની અસ્તિ ઉપર જ છે.

૩૪. 'જ્ઞાનસ્વભાવ તે હું' એવા નિર્ણયમાં તો ઘણું જોર છે, તે અપૂર્વ નિર્ણયનું જોર ક્ષણે ક્ષણે મિથ્યાત્વને તોડતું જાય છે ને રાગને મંદ કરતું જાય છે.

૩૫. ભાઈ, તારે જો શાંતિ જોઈતી હોય, સમ્યગ્દર્શન જોઈતું હોય, મોક્ષમાર્ગી થવું હોય તો, બીજી બધી વાતને એકકોર મૂકીને તારા ઉપયોગમાં એમ નક્કી કર કે જ્ઞાનસ્વભાવી આત્મા જ હું છું. આવા નિર્ણયના જોરે તારું જ્ઞાન, જ્ઞાનસ્વભાવમાં જ એકાગ્ર થશે એટલે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર થશે. આ સિવાય બીજી કોઈ રીતે મોક્ષમાર્ગ થતો નથી.

૩૬. જેણે જ્ઞાનસ્વભાવનો નિર્ણય કર્યો તેના અભિપ્રાયમાં એટલી તો દ્રઢતા થઈ ગઈ કે હવે મારા હિતને માટે મારે આ જ્ઞાનસ્વભાવનું જ અવલંબન કરવાનું છે, એ સિવાય રાગના કોઈ પણ અંશનું અવલંબન નથી. તેના નિર્ણયની આવી દ્રઢતા તેને પરના અવલંબનથી પાછો વાળીને સ્વભાવની સન્મુખ લઈ જાય છે.–આ જ મોક્ષમાર્ગની રીત છે.

૩૭. 'હું જ્ઞાન સ્વભાવ છું' એમ નક્કી કર્યું એટલે હવે મારી શાંતિ માટે મારે આ જ્ઞાનની જ સેવા કરવાનું રહ્યું. અત્યારસુધી જ્ઞાનસ્વભાવના નિર્ણય વગર પરભાવોને હિતરૂપ જાણીને તેની સેવા કરી, પણ હવે તેની સેવા અને તેનો આદર છોડીને, જ્ઞાનસ્વભાવનો જ આદર કર્યો; જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને તેની સેવા કરતાં સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્ર થાય છે.

૩૮. જ્યાંસુધી જ્ઞાન–સ્વભાવનો નિર્ણય ન હતો ત્યાં સુધી મતિ–શ્રુતજ્ઞાન તે સ્વભાવ તરફ વળતા ન હતા, પણ ઇન્દ્રિયો અને મન તરફ જ વળતા હતા; એટલે તે જ્ઞાનમાં આત્માની પ્રસિદ્ધિ થતી ન હતી, પણ ઇન્દ્રિયો અને મનના અવલંબનને એકાંત પરની જ પ્રસિદ્ધિ થતી હતી, તે જ્ઞાનો પોતાની જ્ઞાનમર્યાદાને છોડીને બહાર જતા હતા–રાગાદિમાં એકતાપણે અજ્ઞાનભાવે વર્તતા હતા, એટલે તે જ્ઞાનમાં પોતાની મર્યાદા રહેતી ન હતી. હવે જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરતાં તેનો અચિંત્ય મહિમા લાવીને તે મતિ–શ્રુતજ્ઞાન સ્વસન્મુખ થાય છે, ઇન્દ્રિયો અને મનના અવલંબનથી પાછા વળીને, પર તરફથી ઉપયોગને પાછો ખેંચીને, જ્ઞાનને પોતાની મર્યાદામાં લાવે છે, એટલે સ્વસન્મુખ થઈને આત્માને સમ્યક્પણે પ્રસિદ્ધ કરે છે. આનું નામ જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે; આનું નામ ધર્મ છે, આમાં અપૂર્વ આત્મશાંતિ છે, ને આ જ મોક્ષનો ઉપાય છે.

૩૯. જ્ઞાનીની મર્યાદા એ છે કે પોતાના સ્વભાવમાં એકાગ્રપણે રહે. એક સૂક્ષ્મ વિકલ્પ ઊઠે તે પણ જ્ઞાનની મર્યાદાથી બહાર છે. જ્ઞાનની મર્યાદામાં એક સૂક્ષ્મ વિકલ્પનો પણ પ્રવેશ નથી. જ્યાં આવો નિર્ણય પણ ન કરે ને વિકલ્પથી–રાગથી લાભ માને તે તો હજી સમ્યગ્દર્શનના આંગણે પણ નથી આવ્યો. અહીં તો સમ્યગ્દર્શનના આંગણે આવેલો જીવ અંતર્સ્વભાવમાં કઈ રીતે ઢળે છે તેની વાત છે.

૪૦. આ વાત કોના અંતરમાં ઉત્તરે?–કે જેના અંતરમાં ધર્મની જિજ્ઞાસા ખરી જાગી હોય તે જિજ્ઞાસુ જીવ પોતાના હિતને માટે આ વાત અંતરમાં ઉતારીને જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરે છે; જગતમાં કોઈ પદાર્થોનો કર્તા હું નથી,–એનાથી તો હું જુદો છું–એમ સમજીને પર તરફનો ઉત્સાહ જેને ઓસરી ગયો છે; અને રાગની વૃત્તિઓમાં પણ મને આકુળતાનું જ વેદન ને અશાંતિ છે, જ્ઞાનના વેદનમાં જ શાંતિ છે–એમ નક્કી કરીને, રાગ તરફનો ઉત્સાહ પણ ઓસરી ગયો છે ને જ્ઞાન જ્ઞાનસ્વભાવ તરફના ઉત્સાહની જેને ભરતી આવી છે,–એવા જીવના અંતરમાં આ વાત ઉતરી જાય છે, –એટલે કે તેને શુદ્ધઆત્માની અનુભૂતિ થાય છે.

૪૧. ચૈતન્યસ્વભાવનો ઉત્સાહ છોડીને, રાગનો અને પરનાં કાર્યોનો ઉત્સાહ તે તો સંસારમાં રખડવાનું અને દુઃખનું કારણ છે.

૪૨. ભાઈ, પર ચીજ ક્યાં આવી અધૂરી છે કે તે તારી આશા કરે? અને તારો આત્મા પણ ક્યાં એવો અધૂરો છે કે તે બીજાની આશા રાખે? માટે તારી વૃત્તિને પર તરફથી પાછી વાળ...ને સ્વ તરફ જા. પર તરફના વલણમાં અશાંતિ છે, સ્વ તરફ વળવાથી શાંતિ છે. શાંતિ કહો કે ધર્મ કહો,–તેની રીત આ એક જ છે.

૪૩. આત્મશાંતિના અનુભવની આ રીતમાં વચ્ચે ક્યાંય રાગનો પ્રવેશ નથી. પહેલાં કે પછી રાગ હો ભલે પણ તે કાંઈ ધર્મની રીતને મદદગાર તરીકે નથી. શાસ્ત્રભાષાથી કહીએ તો, નિશ્ચય સાથે વ્યવહાર હો ભલે, પણ તે વ્યવહાર નિશ્ચયને મદદગાર નથી, તેમજ વ્યવહાર કરતાં કરતાં તેના અવલંબને નિશ્ચય પમાશે-એમ પણ નથી. ભૂતાર્થ સ્વભાવના આશ્રયે જ ધર્મ થાય છે-એ એક અબાધિત નિયમ છે. **"भूयत्थमस्सिदो खलु सम्माईट्ठी हवइ जीवो"** ( જુઓ, સમયસાર ગાથા-૧૧ )

૪૪. ચૈતન્યમાં અદ્‌ભુત આનંદરસ ભર્યો છે,-તેવો આનંદરસ જગતના બીજા કોઈ પણ પદાર્થમાં નથી. ચૈતન્યનો નિર્ણય કરીને તેના આનંદરસમાં લીન થતાં જગતના બધા પદાર્થોમાંથી રસ ઊડી જાય છે. જેને જગતના પદાર્થોમાં રસ લાગે, તેમાં સુખ લાગે, તે જીવ ચૈતન્યના રસમાં કેમ વળે ?

૪૫. જેને ચૈતન્યનો રસ હોય તેને અંતરથી ચૈતન્યના શાંત જળના તરંગ ઊછળે. જેમ નાળીએરમાં ભરેલું પાણી, છાલાં, કાચલાં ને ટોપરું એ ત્રણેની અંદર છે, છતાં ઉપરના ત્રણે પડલથી પાર એવા પાણીનો નિર્ણય નાળીએર ખખડાવીને નક્કી કરે છે કે આમાં પાણી ભર્યું છે. તેમ આત્મા ચૈતન્યરસરૂપ શાંતજળથી ભરેલો છે, ચૈતન્યનો રસ જાગતાં અંદરથી શાંતિના તરંગ ઊછળે છે. આ જડ શરીર, કર્મ અને રાગાદિ ભાવો એ ત્રણે પડલ વીંધીને તેનાથી પાર એવા શાંતરસનો નિર્ણય જિજ્ઞાસુજીવ પોતાના વીર્યને ઉલ્લસાવીને કરી લ્યે છે, જ્ઞાનને અંતરમાં વાળીને તે એવો નિર્ણય કરી લ્યે છે કે મારા આત્મામાં જ અતીન્દ્રિય આનંદરસ ભરેલો છે. તે આનંદનો અનુભવ કરતાં આત્મા જાણે કે આખાય વિશ્વની ઉપર તરતો, હોય-એમ તે અનુભવે છે. આ રીતે અનુભવમાં ભગવાન આત્મા પ્રસિદ્ધ થાય છે, તે જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે; અને તે જ 'સમયનો સાર' છે.

## આ માનવદેહની કૃતાર્થતા

દુર્લભ એવો મનુષ્યદેહ પણ પૂર્વે અનંતવાર પ્રાપ્ત થયા છતાં કંઈ પણ સફળપણું થયું નહિ, પણ આ મનુષ્યદેહને કૃતાર્થતા છે કે જે મનુષ્યદેહે આ જીવે જ્ઞાનીપુરુષને ઓળખ્યા, તથા તે મહાભાગ્યનો આશ્રય કર્યો. જે પુરુષના આશ્રયે અનેક પ્રકારના મિથ્યા આગ્રહ આદિની મંદતા થઈ, તે પુરુષને આશ્રયે આ દેહ છૂટે એ જ સાર્થક છે. જન્મ જરા મરણાદિને નાશ કરવાવાળું આત્મજ્ઞાન જેમને વિષે વર્તે છે, તે પુરુષનો આશ્રય જ જીવને જન્મ-જરા-મરણાદિનો નાશ કરી શકે, કેમકે તે યથાસંભવ ઉપાય છે....

-શ્રીમદ્ રાજચંદ્ર ( વર્ષ ૨૯મું )

# સાધકજીવ પોતાના આંગણે સિદ્ધભગવાનને પધરાવે છે

**( ફત્તેપુરમાં પૂ. ગુરુદેવનું પ્રવચન: વૈશાખ સુદ બીજ )**

**સાધક જીવને પોતાના સ્વરૂપની લગની લાગી છે, તે સ્વરૂપલગનીના મંડપમાં સિદ્ધભગવંતોને આમંત્રે છે કે હે સિદ્ધભગવંતો! મારી મુક્તિના મંગલ પ્રસંગે મારા આંગણે મારા ચૈતન્યમંડપમાં પધારો....આપના પધારવાથી મારા મંડપની ( -મારા શ્રદ્ધા-જ્ઞાનની ) શોભા વધશે.**

સમ્યગ્દર્શન પામવા માટેની શી રીતે છે ને સમ્યગ્દર્શનની શી સ્થિતિ છે તે વાત જીવે પ્રીતિથી કદી સાંભળી નથી. જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા છે તેને શ્રદ્ધા–જ્ઞાનમાં લીધા વગર બીજા કોઈ ઉપાયથી સમ્યગ્દર્શન થતું નથી. અનાદિ અનંતકાળનો આત્મા, તેનું વાસ્તવિક સ્વરૂપ, તેની વિકૃત વિભાવદશા, તેની સાધકદશા, તેની સ્વભાવદશા, તેનું પરથી ભિન્નપણું–એ બધી વાત આચાર્યદેવે શ્રી સમયસારમાં બતાવી દીધી છે. જેમ રાજા–મહારાજાનું આખું જીવન અલ્પકાળના નાટકમાં બતાવી દે છે, તેમ આચાર્યદેવે આ સમયસારરૂપી નાટકમાં આખા આત્માનું જીવન (અજ્ઞાનદશા, સાધકદશા ને સિદ્ધદશામાં રહેલા આત્માનું સ્વરૂપ ) બતાવી દીધું છે.

આત્મા પરથી ભિન્ન છે, એટલે પરની ક્રિયામાં આત્માની ક્રિયા નથી; આત્માની ક્રિયા આત્મામાં છે. આત્મામાં જે રાગાદિ વિભાવ છે તે વિકાર ક્રિયા છે, તે ક્રિયાને અજ્ઞાની કરે છે, ને તે ક્રિયા સંસારનું કારણ છે. જ્ઞાનાનંદસ્વરૂપ આત્માનું ભાન કરીને તેમાં લીનતારૂપ વીતરાગીક્રિયા તે સ્વભાવક્રિયા છે, તે ધર્મક્રિયા છે, ધર્મીજીવ તે ક્રિયાને કરે છે.

વ્યવહારથી હું બંધાયેલો છું ને નિશ્ચયથી હું બંધાયેલો નથી–એવા બે નય સંબંધી પક્ષપાતના વિકલ્પો કરવામાં જે જીવ અટકયો છે તે જીવ પણ વિભાવક્રિયામાં અટકેલો છે, તો બીજા બાહ્ય વિકલ્પોની શી વાત? ભગવાન તારા ચિદાનંદ સ્વભાવના અવલંબન વગર તે ચારે ગતિમાં ઘોર દુઃખો ભોગવ્યા....અજ્ઞાનભાવથી તેં જે અનંતદુઃખ ભોગવ્યું તે વાણીથી વર્ણવી શકાય તેવું નથી; એ દુઃખો તો તેં ભોગવ્યા ને કેવળીભગવાને જાણ્યા. માટે રાગનો પક્ષ છોડીને ચિદાનંદ સ્વભાવનું અવલંબન કર–તે તારી ફત્તેહનો રસ્તો છે. જુઓ, આ ફત્તેપુરમાં ફત્તેહ થવાનો ઉપાય બતાવ્યો.

આત્મા સમજી શકે એવી આ વાત છે. અમને ન સમજાય, અમારી શક્તિ નથી–એમ ન માનશો. દરેક આત્મા કેવળજ્ઞાનની તાકાત પોતામાં સંઘરીને બેઠો છે. પૂર્ણજ્ઞાન ને આનંદનો સાગર આત્મામાં ભરેલો છે–તેમાં અંતર્મુખ થઈને અનુભવ કરવો તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ આત્મધ્યાન વડે જ પમાય છે, રાગ વડે પમાતો નથી. પહેલાંમાં પહેલું સમ્યગ્દર્શન પણ રાગના અવલંબન વગર શુદ્ધ આત્માના નિર્વિકલ્પ–

ધ્યાનમાં જ પ્રગટે છે. ને ત્યારપછી મુનિદશા તો ઘણી અલૌકિક છે. જ્ઞાનસ્વરૂપી ચૈતન્યબિંબ આત્માની જેને પ્રીતિ લાગી તેને તીવ્ર વિષય–કષાય–હિંસા–શિકાર–માંસાદિ ભક્ષણ–દારૂ–ચોરી વગેરેનો તો ભાવ હોય નહીં, પરંતુ જે શુભરાગ હોય તેનો પણ પ્રેમ તેને હોતો નથી. બીજા રાગ તો દૂર રહો, પણ 'મારો આત્મા શુદ્ધ ચિદાનંદ છે' એવા વિકલ્પરૂપ જે રાગ છે તેનો પ્રેમ કરીને તેના પક્ષમાં–તેના કર્તૃત્વમાં જે અટકે છે તેને પણ સમ્યગ્દર્શન થતું નથી. સર્વવિકલ્પોથી પાર ચિદાનંદતત્ત્વ છે, તેની સાક્ષાત્ અનુભૂતિથી જ સમ્યગ્દર્શન પ્રગટે છે. માટે આચાર્યદેવ કહે છે કે–

अलमलमति जल्पैर्दु विकल्पैरनल्पै-
रयमिह परमार्थश्चेत्यतां नित्यमेकः।
स्वरसविसरपूर्ण ज्ञानविस्फूर्तिमात्रात्-
न खलु समयसारदुत्तरं किंचिदस्ति।।२४४।।

બહુ કથનથી ને બહુ વિકલ્પોથી બસ થાઓ, શબ્દ અને વિકલ્પથી પાર થઈને પરમાર્થરૂપ આત્માનો અનુભવ કરો. અહા, આ પરમાર્થરૂપ આત્મા સ્વાનુભવમાં પોતાના નિજરસના ફેલાવાથી પૂર્ણ એવા જ્ઞાનપણે સ્ફૂરાયમાન થાય છે, આવા શુદ્ધાત્માથી ઊંચું બીજું કાંઈ નથી, માટે તેનો જ અનુભવ કરો.

જેમ લગ્ન ટાણે માંડવે નોતરતાં વહાલાને પત્ર લખે કે અત્યારસુધી કાંઈ દોષ થયો હોય ને માઠું લાગ્યું હોય તો ભૂલી જાજો, ને શુભ પ્રસંગે અમારા મંડપમાં પધારીને મંડપની શોભા વધારજો....તેમ અહીં સાધક ધર્માત્માને પોતાના સ્વરૂપની લગ્ની લાગી છે. તે સ્વરૂપલગનીના મંડપમાં સિદ્ધભગવંતોને આમંત્રે છે કે હે સિદ્ધભગવંતો! મારી મુક્તિનો મંગલ પ્રસંગ છે...આ મંગલપ્રસંગે મારા આંગણે..... મારા ચૈતન્યમંડપમાં પધારો.....આપના પધારવાથી અમારા મંડપની શોભા વધશે. અત્યાર સુધી ભૂલથી મેં વિભાવનો આદર કર્યો ને તમારો આદર છોડયો, મારો તે અપરાધ છોડીને હવે હું વિભાવનો આદર છોડું છું ને સ્વભાવનો જ આદર કરું છું, માટે હે સિદ્ધભગવંતો! મારા આંગણે પધારો....મારા શુદ્ધસ્વરૂપની લગની લગાડીને હું આપને મારા આંગણે પધરાવું છું....આ રીતે સાધક જીવ પોતાના શુદ્ધસ્વભાવનો આદર કરીને તેના સેવનથી સિદ્ધપદને સાધે છે. આ સિદ્ધપદનો ઉપાય છે. તેથી આચાર્ય ભગવાન કહે છે કે–

અરે જીવ! અનંતકાળથી તેં રાગની સેવા કરી....હવે બસ કર....બસ કર....એ રાગની સેવા છોડ ને ચૈતન્યની સેવા કર....ચૈતન્યસ્વભાવમાં એકતા કરીને તેની સેવા કરતાં અતીન્દ્રિય આનંદનો અનુભવ થશે....ને તારા આંગણે સિદ્ધભગવાન પધારશે,–એટલે કે તું પોતે સિદ્ધ પરમાત્મા બની જશે.

## હવે પ્રસિદ્ધ થાય છે-

### પાંચ ભાષામાં અભિનંદન-પત્રો

તામીલ, સંસ્કૃત, ઈંગ્લીશ, ગુજરાતી અને હિન્દી દક્ષિણતીર્થયાત્રા દરમિયાન પૂ. ગુરુદેવને ઉપરોક્ત પાંચ ભાષામાં મળેલા અભિનંદન–પત્રોનો નમુનો હવે પછીના પાનાંઓમાં આપ જોઈ શકશો.

திருவறம் வாழ்க!

"சமயசாரம்"

என்னும் அரும்பெரும் தத்துவ நூலினை விரிவுரையாற்றி
நாடெங்கும் நல்லறத்தை பரவச்செய்யும்

# ஸ்ரீ கான்ஜீ சுவாமீஜி

அவர்களின் திருவடிகளில்

நிகழும் விளம்பி ஆண்டு பங்குனித் திங்கள் முதல்நாள் (14—3—59)

ஜினகஞ்சி ஜைனப் பொதுமக்கள்

அன்புடன் சமர்ப்பித்த

# நல் வரவேற்பிதழ்

ஜைனமதத்தின் சிறப்பிற்கு ஓர் அணிகலனாய்த் திகழும்
ஸ்ரீ கான்ஜீ சுவாமிகள் அவர்களே!

தங்களால் ஜைன தர்மம் போற்றப்பட்டு சிறப்புடன் வளர்ச்சி பெற்று வருவதைக் கண்டு ஜினகஞ்சி ஜைனப் பொது மக்களாகிய நாங்கள் உளம் பூரித்து தங்கள் தாள் பணிந்து வருக! வருக!! என வரவேற்கின்றோம்.

அறிவின் கலங்கரை விளக்கமே!!

"பற்றுக பற்றற்றான் பற்றினை அப்பற்றைப்
பற்றுக பற்று விடற்கு"

என்ற ஏலாச்சாரியாரின் வாக்கின்படி [illegible] உண்மையும், [illegible] தருமத்தின் வடிவத்தை [illegible] காட்டுகின்றீர்கள். ஆன்ம [illegible] மக்கள் தங்களது உபதேசப்பொருளை அறிந்து பெரும்பயன் அடைந்து கொண்டு வருகின்றார்கள். தங்கள் அறிவுச்சுடர் ஒளி, சௌராஷ்டிரத்தில் மட்டுமின்றி பாரதநாடு முழுவதிலும் பிரகாசித்து வருகின்றது. இன்று 2000 ஆண்டுகளுக்குப் பிறகும் தாங்கள், ஸ்ரீ மகாவீரரின் சாசனத்திற்குச்சிறந்த பிரதிநிதியாகிய பகவான் குந்த குந்தரின் [illegible] உணர்ந்த லக்ஷக்கணக்கான மக்கள் ஆத்மிக மார்க்கத்தில்செல்ல வழிகாட்டியாக இருப்பதைக்கண்டு நாங்கள் மட்டிலா பெருமிதம் கொண்டு பூரிப்பால் தங்களை வணங்குகிறோம்.

ஆன்மிக பேறுபெற்ற அஹிம்சா மூர்த்தியே!!

தாங்கள் விஜயம் செய்திருக்கும் இக்காஞ்சிமா நகரம் ஒரு காலத்தில் சிறந்த ஜைனப் பல்கலைக்கழகங்களும், பல தர்மசாலைகளும் அமைந்து [illegible] சிறப்பும் பெற்று விளங்கியதை சரித்திரம் கூறும். இன்றும் இவ்வூர் தென்னாட்டின் சம்மேத சிகரமென்றும் அழைக்கப்படுகின்றது. இத்தகைய காஞ்சிமா நகரில் வடநாட்டிலிருந்தும் தென்னாட்டிலிருந்துமவரும் ஜைன யாத்ரீகர்களுக்கும், கல்விபயிலும் மாணவர்களுக்கும் தங்குவதற்கேற்ற ஒரு தருமசாலை இல்லாமை ஒரு பெருங்குறையாக இருக்கின்றது. தங்களின் காஞ்சிவிஜயத்தின் ஞாபகார்த்தமாக மேற்படி குறையை நிவர்த்தி செய்தருளுமாறு வேண்டிக்கேட்டுக் கொண்டு மீண்டும் [illegible] வருக! வருக! என்று வரவேற்று வணங்குகின்றோம். வணக்கம்.

காஞ்சிபுரம்.
14—3—59.

இங்ஙனம்,
காஞ்சிஜைன இலக்கிய மன்றம்.

பதமா பிரஸ், காஞ்சிபுரம்.

પૂ. ગુરુદેવ દક્ષિણ તીર્થયાત્રામાં પધાર્યા ત્યારે ત્યાંના દિગંબર જૈન સમાજ તરફથી તામીલ ભાષામાં પણ અનેક અભિનંદન-પત્રો મળ્યા હતા; તેમાંથી એક નમુનો અહીં રજાું કર્યો છે. એનું ગુજરાતી ભાષાંતર સામે પાને આપ્યું છે.

સામે પાને પ્રસિદ્ધ થયેલ તામીલ અભિનંદન પત્રનું ગુજરાતી ભાષાંતર

**સદ્ ધર્મની વૃદ્ધિ હો !**

# “સ મ ય સા ર”

**નામના મહાન તત્ત્વગ્રંથ ઉપર વિસ્તૃત પ્રવચનો કરતા થકા**

**સારા દેશમાં સદ્ધર્મનો પ્રચાર કરનાર**

# શ્રી કાનજીસ્વામીજી

**નાં કર કમળોમાં**

**જિનકાંચીના જૈન સમાજદ્વારા તા. ૧૪-૩-૫૯ ના રોજ સાદર સમર્પિત**

# * સ્વાગત પ ત્ર *

**જૈન મતના ગૌરવને માટે અલંકારભૂત શ્રી કાનજીસ્વામીજી !**

આપના દ્વારા જૈનધર્મની વૃદ્ધિ થઈ રહી છે તે દેખીને અમે–જિનકાંચીના જૈનો મહાન ખુશીની સાથે આપનું સ્વાગત કરીએ છીએ.

જ્ઞાનના પ્રકાશ સ્વરૂપ !

“સંસારની પ્રીતિનો વિચ્છેદ કરીને અરહંત ભગવાન ઉપર પ્રીતિ કરો, કેમ કે તે પ્રીતિ પણ સંસારપ્રીતિનો વિનાશ કરનાર છે.” –( तिरु क्कुरल तामिल काव्य )

એલાચાર્ય ( કુન્દકુન્દ આચાર્ય ) ના ઉપરોક્ત વચનાનુસાર શિક્ષા ધારણ કરીને આપ અહિંસા અને સત્યના મૂળરૂપ જિનધર્મને યથાવત સિદ્ધ કરો છો. આત્મલાભની જિજ્ઞાસુ પ્રજા આપના ઉપદેશનો સાર સમજીને ઘણો લાભ મેળવી રહી છે. આપનો જ્ઞાનપ્રકાશ માત્ર સૌરાષ્ટ્રપ્રાન્તમાં જ નહીં પરંતુ આખા દેશમાં પ્રકાશીત થઈ રહ્યો છે. શ્રી મહાવીર ભગવાનના શાસનના સાચા પ્રતિનિધિસ્વરૂપ શ્રી કુંદકુંદાચાર્યના સદ્વચનને સારી રીતે સમજીને, આજે બે હજાર વર્ષ બાદ આપ લાખો જીવોને સાચા માર્ગે દોરવા માટે માર્ગદર્શી બન્યા છો. આપને દેખીને અપરિમિત સંતોષપૂર્વક અને હાથ જોડીને નમસ્કાર કરીએ છીએ.

**હે આત્મવશી, અહિંસા સ્વરૂપી !**

જ્યાં આપનું આગમન થયું છે એવું આ કાંજીનગર એક જમાનામાં વિશ્વવિદ્યાલય અને ધર્મશાળા વગેરેથી ઘણું ઉન્નતિના માર્ગ પર હતું. જૈનોની તે ખ્યાતિને આજકાલ પણ ઈતિહાસ સ્પષ્ટ બતાવી રહ્યો છે. આજે પણ આ શહેર દક્ષિણ ભારતના જૈનોને માટે સમ્મેદશિખર જેવું ગણાય છે. આવા આ શહેરમાં ઉત્તર ભારત તથા દક્ષિણ ભારતથી આવનારા યાત્રિકો માટે અને વિદ્યાધ્યયન કરનારા છાત્રો માટે એક ધર્મશાળાની ખાસ આવશ્યકતા છે. આપના કાંચીનગર પધાર્યાની યાદીરૂપે આ કમી પૂરી થાય તો તે ઘણી ચિરસ્મરણીય અને પ્રશંસનીય બનશે. અંતમાં નમસ્કારપૂર્વક સ્વાગત કરીને વિરમીએ છીએ. નમસ્કાર.

કાંચીપુરમ્ — આપના

૧૪–૩–૫૯ — કાંચી જૈન સાહિત્યસંઘ

# पूज्यश्री कानजी स्वामीनः करकमलयोः समर्पितम्

# ❈ अभिनन्दनपत्रम् ❈

शार्दुलविक्रीडित छन्द-

स्वामीन् सर्वजगत्प्रसिद्धमहिमन्नध्यात्मविद्यारवे।
मिथ्यामोह तमस्विनीविघटनप्रोद्भासि बोधोदय।।
यात्रायाः क्रमतो विहृत्य सकलंतीर्थं जिनेशाम् पुनः।
सौभाग्यान्मम देशमागतवतस्ते स्वागतम् स्वागतम्।।
आत्मभ्रान्तिमुपेयुषीह जगति मार्गं समुद्योतयन्।
सर्वस्यापि हिताय पक्षरहितं दत्त्वोपदेशं खलु।।
योऽज्ञानादपसारयत्यविरतं जिज्ञासमानाञ्जनान्।
सोऽयं सर्वजनानुकम्पिहृदयः सेव्यः सतामादरात्।।
अस्मिन् भारतवर्षपश्चिमिदिशि श्रीकच्छदेशे शुभे।
श्रेष्ठं सोनगढं विशालनगरं या भूषयंस्तिष्ठति।।
पूर्वं श्वेतपटानुयाय्यपि परं श्रीकुन्दकुन्दः कृतम्।
ग्रन्थं सारमधीत्य निश्चयनयाज्जाग्रद्विवेकोदयः।। ३।।
शुद्धं जैनमतं निधाय मनसि प्रोद्भावयन् सर्वतः।
धारावाहिगभीरभाषणपटुप्रागल्भ्यमासादयन्।।
सद्धर्मामृतवर्षणेन नितरामध्यात्मविद्याकृषिम्।
संपन्ना कुर्वन्नशेषवलतो मेऽनुग्रहादागतः।। ४।।
कान्जी स्फाटित चिज्जडैकधिषणः क्षीराम्बुवद्भेदकः।
भेदज्ञानकुठारखण्डितमहामिथ्यात्वकक्षः सताम्।।
चित्तारोपितशुद्धभावविभवश्चिद्रूपचिन्तामाण।
स्फूर्जज्ज्योतिरपास्तमोहममतानिष्यूसदुःखानलः।। ५।।

द्रुतविलंबित छन्द-

मयि पुनाश्चिरदर्शनलालसे भवति च स्वयमेव समागते।
अहह मे सृकृतं सफलं प्रभो खलु पुरातनकल्मषहानितः।। ६।।

अनुष्टुप् श्लोक-

एष तुच्छोपहारोऽयं श्रद्धापुष्पसमन्वितः।
भवत्सेवार्पितो नूनं गृह्यतां ग्रह्यतामिति।।

रचयिता- श्रीमतां वशंवदः-
पं० श्रुतसागरो जैनः न्यायकाव्यतीर्थः सकल दि० जैनसमाजः
शाहपुरवास्तव्यः

( આ સંસ્કૃત અભિનંદનપત્રના ગુજરાતી ભાવાર્થ માટે સામે પાને જુઓ. )

## પૂજ્ય શ્રી કાનજીસ્વામીના કરકમળમાં સમર્પિત

# * અભિનન્દન પત્ર *

( સામે પાને છપાયેલા સંસ્કૃત અભિનંદન-કાવ્યનો ગુજરાતી ભાવાર્થ )

સર્વ જગતમાં પ્રસિદ્ધ મહિમાવંત, અધ્યાત્મવિદ્યામાં સૂર્યસમાન, અને મિથ્યાત્વરૂપી મોહાંધકારને વિખેરી નાખવા માટે ઉદયમાન જ્ઞાનભાનુ, એવા હે સ્વામી ! સકલ જૈનતીર્થોની યાત્રા કરતાં કરતાં ક્રમેક્રમે, મારા સૌભાગ્યથી આપ મારા દેશમાં પધાર્યા....આપનું સ્વાગત હો....સ્વાગત હો. ( ૧ )

આ જગતમાં આત્મભ્રાંતિથી ભૂલેલા જીવોને માટે જેઓ માર્ગના સમુદ્યોતક છે, સર્વના હિતને માટે નિષ્પક્ષ ઉપદેશ દઈને જેઓ જિજ્ઞાસુજીવોનો અજ્ઞાનમાંથી સતતપણે ઉદ્ધાર કરે છે, અને જેઓ સર્વજનો પ્રત્યે અનુકમ્પાવાળા છે એવા આ સત્પુરુષ સજ્જનોવડે આદરપૂર્વક સેવવા યોગ્ય છે. ( ૨ )

આ ભારતવર્ષની પશ્ચિમદિશામાં આવેલા કચ્છદેશ ( ખરેખર કચ્છ નહિ પણ કચ્છની બાજુમાં આવેલ સૌરાષ્ટ્ર દેશ ) માં સોનગઢ નામના શ્રેષ્ઠ વિશાળ નગરને જેઓ શોભવી રહ્યા છે પહેલાં જેઓ શ્વેતામ્બરઅનુયાયી હતા પરંતુ પછી શ્રી કુંદકુંદસ્વામીકૃત નિશ્ચયનયપ્રધાન સમયસારદ્વારા જેમને આત્મવિવેક જાગૃત થયો ( ૩ )

.... અને તેથી શુદ્ધ જૈનમતને ( દિગંબર જૈનધર્મને ) હૃદયમાં ધારણ કરીને, ધારાવાહી ગંભીર ભાષણવડે સર્વતઃ તેનો ઉદ્યોત કરવામાં કુશળ, તથા સદ્ધર્મામૃતની વર્ષા કરીને અધ્યાત્મવિદ્યારૂપી કૃષિને મહાન પ્રતિભાદ્વારા અતિશય પ્રફુલ્લિત કરનાર એવા શ્રી કાનજીસ્વામી મારા ઉપર અનુગ્રહ કરીને અહીં પધાર્યા. ( ૪ )

હે કાનજીસ્વામી ! આપ જડ-ચેતનની એકત્વબુદ્ધિને ક્ષીર-નીરવત સ્પષ્ટ ભેદી નાખનાર છો અને ભેદજ્ઞાનરૂપી કુહાડા વડે મહામિથ્યાત્વરૂપ વેલને છેદી નાખનાર છો; આપનું ચિત્ત શુદ્ધભાવરૂપ વિભવથી અલંકૃત છે, આપ ચૈતન્યચિંતામણિની ઝળહળતી પ્રભા વડે મોહના નાશક છો અને મમતાજન્ય દુઃખને દગ્ધ કરવા માટે દાવાનળ સમાન છો. ( ૫ )

ચિરકાળથી જેનું ચિત્ત આપના દર્શન માટે તલસતું હતું એવા મને સ્વયંમેવ આપનો સમાગમ થયો-આપ સામેથી મારા આંગણે પધાર્યા....અહા પ્રભો ! ખરેખર મારાં પુરાતન પાપો નષ્ટ થઈને સુકૃત્ય સફળ થયાં છે. ( ૬ )

આ રીતે શ્રદ્ધાપુષ્પોથી ગુંથિત આ તુચ્છ ઉપહાર આપની સેવામાં અર્પણ કરું છું, તેને આપ ગ્રહણ કરો.

| રચયિતાઃ | આપશ્રીના વિનીત |
|---|---|
| પં. શ્રુતસાગર જૈન, | સકલ દિગંબર જૈન સમાજ |
| ન્યાયકાવ્યતીર્થ | શાહપુર |

Welcome address Presented to

# THE SAINT SHRI KANJISWAMIJI

## BY

## The jain community of south India

**ON THE OCCASION OF HIS VISIT TO WANDIWASH ON 14-3-59**

**YOUR GREAT HOLINESS,**

You were born in a remote place in North india and you have deigned to come in our midst in South india. Profound in the learning of the holy books of jain Siddhantas, you have realised that Digambara Dharma alone is the way to salvation of Atma. You are spreading the light emanating from your heart to all of us, the jains. Thus you are sowing the seeds of Dharma in the soil of human hearts. No doubt you are the incarnation of God Himself.

**O THE ANGEL OF JAIN SIDDHANTAS !**

Your Holiness and your disciples have devoted your life to the cause of spreading Dharma and are living for the sake of ennobling the heart of the mass. You are dispelling the darkness of ignorance of our community just as the morning sun casts away the darkness from the face of the earth.

**O THE LIGHT OF DIGAMBARAS,**

The many acts of bounties you have done for the cause of spreading jainism fill us with gratitude and wonder.

**O THE APOSTLE OF NIRVANA,**

We have great pleasure in extending you a warm welcome in our midst O The Great Holy Saint? You are heartily welcomed once again and requested to grant us your paternal and gracious blessings.

WANDIWASH
14-3-59

We beg to remain,
Your most faithful sons,
THE JAINS OF SOUTH INDIA.

( આ ઈંગ્લીશ અભિનંદનપત્રના ગુજરાતી ભાષાંતર માટે સામું પાનું જુઓ )

**તા. ૧૪-૩-૬૯ ના રોજ વાંદેવાસમાં સન્તપુરુષ શ્રી કાનજીસ્વામીના પદાર્પણ પ્રસંગે દક્ષિણ ભારતના જૈન સમાજ તરફથી સમર્પિત**

# સ્વાગત-સંબોધન

**( સામે પાને અંગ્રજીમાં છપાયેલ સ્વાગત-પત્રિકાનું ગુજરાતી ભાષાંતર )**

**પરમ પવિત્ર આત્મા !**

આપનો જન્મ ઉત્તર ભારતમાં એક દૂર પ્રદેશમાં થયો હતો અને આપે દક્ષિણ ભારતમાં અમારા વચ્ચે પધારીને અમને ઉપકૃત કર્યા છે. જૈન સિદ્ધાંતોના પવિત્ર શાસ્ત્રોના જ્ઞાનમાં આપ ઊંડા ઉતરેલા છો. દિગમ્બર ધર્મ જ એકલો આત્માની મુક્તિનો માર્ગ છે–એવું સત્યજ્ઞાન આપને પ્રાપ્ત થયું છે. આપ આપના આત્મામાંથી પ્રગટ થતાં પ્રકાશને અમ સૌ જૈનો પ્રત્યે ફેલાવો છો. આ રીતે આપ, માનવોની હૃદયભૂમિમાં ધર્મનાં બીજ રોપી રહ્યા છો, નિઃસંદેહપણે આપ સ્વયં પરમાત્માના પ્રતિનિધિ છો.

**હે જૈન સિદ્ધાંતના દિવ્ય દૂત !**

પવિત્ર સ્વરૂપ એવા આપે અને આપના શિષ્યોએ ધર્મના પ્રચારાર્થે નિજ જીવન સમર્પિત કર્યું છે અને જનતાના હૃદયને વિશુદ્ધ બનાવવાના હેતુએ આપ આપનું જીવન વીતાવી રહ્યા છો. જેવી રીતે પ્રાતઃકાળનો સૂર્ય પૃથ્વીતળના અંધકારને દૂર કરી દે છે તેવી રીતે આપ અમારા સમાજના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરી રહ્યા છો.

**હે દિગમ્બરોના દિવ્ય તેજ !**

જૈન ધર્મના પ્રચારના હેતુએ આપે કરેલાં પુષ્કળ ઉદારતાભર્યા કાર્યો અમને આભાર અને આશ્ચર્યથી તરબોળ કરી દે છે.

**હે મુક્તિદૂત !**

અમારા મધ્યમાં આપનું ભાવભીનું સ્વાગત કરતાં અમને અત્યાનંદ થાય છે. હે મહાન પવિત્ર સંત ! એક વાર ફરીને પણ અમે આપનું હાર્દિક સ્વાગત કરીએ છીએ અને આપ આપના–ધર્મપિતા તરીકેના અને કૃપાપૂર્ણ–આશીર્વાદ આપો એવી વિનંતિ કરીએ છીએ.

વાંદીવાસ
તા. ૧૪–૩–૫૯

અમે છીએ આપના ઉત્તમ વિશ્વાસુ પુત્રો
દક્ષિણ ભારતના જૈનો.

શ્રી वितरागाय नमः

## પરમશ્રધ્ધેય, પરમાત્મતત્ત્વવેત્તા, ભારતની ભવ્યવિભૂતિ આધ્યાત્મિકસંત આત્માર્થી નરપુંગવ

## શ્રીમત્ માનનીય પૂજ્ય કાનજી સ્વામી

ના પુનિત કરકમલોમાં સાદરસમર્પિત

# અભિનંદન પત્ર

**પરમશ્રધ્ધેય,**

અમારા પરમ સૌભાગ્ય અને ગૌરવની વાત છે કે ઘણા લાંબા સમયથી અમો આપના આગમનની અને અધ્યાત્મમયી અમૃતવાણીને સૂણવાની ચાતકવત્ રાહ જોઈ રહ્યા હતા તે પુણ્યપ્રસંગરૂપ કલ્પવૃક્ષ આજે અમારા આંગણે ફળ્યું છે. અમારા મનના મનોરથ સફળ બન્યા છે. આજ અમો ફત્તેપુરવાસી તથા અમારૂં ગુજરાત ધન્ય ધન્ય બન્યું છે. આજે અમારા હૃદયમાં આનંદસાગર ઉછળી રહ્યો છે. તેથી અમે સૌ ભક્તિભાવથી આપના પ્રતિ શ્રદ્ધાપુષ્પ સમર્પિત કરીએ છીએ.

**પરમાત્મતત્ત્વવેત્તા,**

જ્યાં જુઓ ત્યાં વિષયકષાયનાં વાદળ છવાઈ રહ્યાં છે. ચારેકોર રાગદ્વેષની એકાંતે રમઝટ રમાઈ રહી છે. પરદ્રવ્યની કર્તાબુદ્ધિના કાવાદાવાની કુકળાઓ ખદબદાટ કરી રહી છે. એવા એ કપરાકાળમાં આપે આપની અધ્યાત્મ, ચમત્કારી, વીતરાગી વિજ્ઞાનની દિવ્ય અમૃતમયી ઉપદેશધારા વડે ભયંકર મિથ્યાત્વના પંજામાંથી ઘણા જીવોને બચાવી લીધા છે. અને હજારો જીવોને આપે ભેદવિજ્ઞાનની સંજીવની મંત્રમોહિની દ્વારા પરમતત્ત્વની ઓળખ કરાવી નિજસ્વરૂપને નિહાળતા કરી ભવભયમાંથી અને સંસારના અતિ દુઃખદ ત્રાસમાંથી ઉગારી લીધા છે.

**આધ્યાત્મિક સંત,**

“વર્તમાનકાળમાં આધ્યાત્મ તત્ત્વ તો આત્મા છે,”

દુઃખમય સંસારની સ્થિતિનું અવલોકન કરી આપે છ દ્રવ્ય, સાતતત્ત્વ, નવપદાર્થ, દ્રવ્ય–ગુણ–પર્યાય, ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય, નિશ્ચય–વ્યવહાર, ઉપાદાન નિમિત્ત આદિનું ગૂઢ અધ્યયન અને ચિંતન કરી જગતમાં આત્મતત્ત્વની મુખ્યતા કરી અધ્યાત્મના ધોધ વહેવડાવ્યા છે.

આત્માર્થી નરપુંગવ,

આ ભારતવર્ષમાં વીતરાગ વિજ્ઞાનસ્વરૂપ સુરત્નત્રયની સાધનાવંત અનેક જ્ઞાની ધ્યાની થઈ ગયા. આપે પણ આ જન્મ બાલબ્રહ્મચારી રહી ભગવાનશ્રી કુંદકુંદાચાર્ય આદિ દિગંબર મુનિવરો દ્વારા રચિત સમયસારાદિ ગ્રંથોનું અધ્યયન કરી અંર્તદૃષ્ટિ પ્રાપ્ત કરી આપે ભગવાનશ્રી કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્ય અને બીજા આચાર્યોનું હૃદય પારખી લીધું અને જિનાગમોના રહસ્યોને જાણી જૈન ધર્મના શાસનને શોભાવ્યું.

ભારતની ભવ્ય વિભૂતિ

જેમ ૧૦૦૮ ત્રિલોકનાથ, ધર્મપિતા, ધર્મતીર્થનાયક ભગવાનશ્રી મહાવીરસ્વામીના સમોસરણ સહિત વિહાર અને દિવ્યધ્વની દ્વારા સારીયે દુનિયાને મોક્ષમાર્ગનો સત્ય ઉપદેશ મળ્યો હતો અને તેથી અનેક ભવ્યજીવો બૂઝયા હતા. તેમ આપના પ્રતાપથી છેલ્લા વીસ વરસથી સૌરાષ્ટ્રમાં કરેલ વિહારથી અને આપના સંઘસહિત ૨૦૧૩માં કરેલ શાશ્વત તીર્થધામ શ્રીસમ્મેદશિખરજી આદિ તીર્થધામોની મંગલયાત્રાના વિહારથી અને ૨૦૧૫ની સાલમાં શ્રી બાહુબલીજી આદિ તીર્થધામોની મંગલયાત્રાના વિહારથી અને સ્થળે સ્થળે થતા અપૂર્વ દિવ્ય ઉપદેશથી આખું ભારત ડોલી ઊઠયું. હજારો ભવ્યજનો આપની અધ્યાત્મબંસરીમાં મસ્ત બન્યા, અજ્ઞાન અને એકાંત ભાગવા લાગ્યું, સમકિતસૂરજનો ઉદય થયો, ઠેરઠેર જિનમંદિર, પંચકલ્યાણક પ્રતિષ્ઠા, સ્વાધ્યાય મંદિરો બન્યાં. શાસનપ્રભાવના અદ્‌ભૂત રીતે કૂદકે અને ભૂસકે વૃદ્ધિગત થવા લાગી અને હજારોની સંખ્યામાં જિનાગમોના અનુવાદો પ્રકાશિત થયા. વીતરાગમાર્ગપ્રતિ હજારોની સંખ્યામાં ધર્મજિજ્ઞાસુઓનાં વૃંદો ઉમટયાં. એટલું જ નહિ પરંતુ સુવર્ણગઢમાં પ્રતિષ્ઠિત જિનેંન્દ્રદરબાર જિનમંદિરો, માનસ્થંભ, ધર્મસભા, પ્રવચનમંડપ, બોર્ડીંગ અને મુમુક્ષુઓના બ્રહ્મચર્યાશ્રમ, મોક્ષમાર્ગી મકાનોની હારમાળા અને નિત્ય નિયમિત પણે થતું દર્શન-પૂજન-ભક્તિ અને સ્વામીજીનું પ્રવચન જોતાં ખરેખર આજે નાનકડું વિદેહ અને ધર્મસભા નજરે પડે છે.

અંતમાં અમે અંતઃકરણપૂર્વક અમારા ભાવોથી ગુંથેલી પુષ્પમાળાને અભિનંદન પત્રના રૂપમાં સમર્પિત કરીએ છીએ. અને શ્રી ૧૦૦૮ ભગવાન શ્રીમદ્ જિનેન્દ્રદેવ શ્રી શીતલનાથને પ્રાર્થના કરીએ છીએ કે આપ શત શત જીવો અને આપના દ્વારા જિનશાસનની પ્રભાવનાની પતાકા અણનમ ફરકતી રહો.

વિનયાવનત
શ્રી દિગમ્બર જૈન સંઘ
ફત્તેપુર.

ફત્તેપુર
તા. ૯-૫-૫૯ ( વૈશાખ સુદ બીજ )

ॐ

## श्री पूज्यसद्गुरु श्री कानजीस्वामी
## के करकमलोमें सादर समर्पित

# 卐 अभिनन्दन-पत्र 卐

हे सोनगढ के सन्त-

तीर्थयात्रा के प्रसंगसे आपने संघसहित हमारे इस लघुतम ग्राममें पधारकर जो हम लोगोंको दर्शन देकर कृतार्थ किया है, उसके लिये हम आपके अत्यन्त आभारी हैं।

हे अध्यात्मगगनके प्रकाशमान सूर्य-

अनेक प्रकारके मिथ्यात्वरूपी अन्धकार के आच्छन्न जगतमें आपने जो अपूर्व स्थायी प्रकाश दिया है, उसके प्रति हम आपके अतिशय कृतज्ञ हैं।

हे समयसार-सरोवर के राजहंस-

आपने जो जडचेतनमें एकत्वकी भ्रांतिको अपने प्रवचनोंसे विध्वस्त किया है तथा जगतमें सर्वत्र व्याप्त अशांतिमय एवं भौतिकतावादी युगमें जो अध्यात्मवादकी धारा प्रवाहीत की है उससे संपूर्ण देशका पापपंक अवश्य धुलेगा, ऐसा हमारा विश्वास है।

हे गुजरातकी अद्भुत निधि-

आपने हमारे प्रांतमें आकर जो आत्महितका मार्ग प्रदर्शन किया है, उसके लिये "धन्यवाद"।

हे जैनजगतके अतिथि-

साधनाभावसे हम आपकी यथोचित सेवा या अतिथिसत्कार न कर सके, इसके लिये हमारा नवयुवकमंडल क्षमाप्रार्थी है।

स्वामीजी-


आपके आध्यात्मिक एवं गंभीर विवेचनों से शाहपुरका जैनसमाज अत्यन्त प्रभावित है, संसारमें इस समय भवसंसार में डुबते हुए जीवोंको पार पहुंचानेकेलिये आप सच्चे नाविक हैं। हम आशा रखते है कि आप हमलोगोंको पुनः एकबार सेवा करनेका अवसर प्रदान करेंगे।

-आपका उपदेशामृतपिपासु

चैत्र शु. ८ गुरुवार — श्री दि० जैन वीर सेवादल


वी. नि. सं. २४८५ — शाहपुर [ म० प्र० ]

# શ્રી ગિરનાર તીર્થ યાત્રાનું પુનિતસ્મરણ




## પૂજ્ય ગુરુદેવશ્રીની શુદ્ધચિદાનંદસ્વરૂપની ભક્તિ :–

''હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાન દર્શનમય ખરે,
કંઈ અન્ય તે મારૂં જરી પરમાણુ માત્ર નથી અરે!''




શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી
મુદ્રક-પ્રકાશકઃ હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીગ પ્રેસ -ભાવનગર